ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે

# આર્થિક સર્વે 2020-21

# કેન્દ્રીય બજેટ વર્ષ 2021-22




ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

સંપાદક : મૌલિક ગોંધિયા (Director - ICE)

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

# ECONOMIC SURVEY

# આર્થિક સર્વે 2020-21

- તાજેતરમાં 29 જાન્યુઆરી, 2021 ના રોજ અર્થાત ભારત સરકારના નાણાકીય વર્ષ 2021-22નાં બજેટ રજૂ થવાના બે દિવસ અગાઉ નાણાકીય વર્ષ 2020-21 માટેનો આર્થિક સર્વે કોર્પોરેટર બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.
- આ વર્ષની થીમ : **Saving Lives and Livelihoods**




### Back to Basics

- કેન્દ્રીય બજેટની અગાઉમાં રજૂ કરાવેલ આર્થિક સર્વે એ નાણા મંત્રાલયનો મુખ્ય (flagship) દસ્તાવેજ છે.
- આર્થિક સર્વેમાં પાછલા વર્ષ દરમિયાન ભારતીય અર્થવ્યવસ્થા વિશેની વિગતવાર માહિતી આપવામાં આવે છે.
- આર્થિક સર્વે પણ અર્થવ્યવસ્થાની વર્તમાન સ્થિતિની ઝલક અને આર્થિક દષ્ટિકોણની પ્રસંગપાત સમજ આપે છે.
- તેમ છતાં બંધારણ સરકારને આર્થિક સર્વે રજૂ કરવા માટે બંધન નથી કરતુ, ઘણા વર્ષોથી દરેક સરકાર માટે કેન્દ્રિય બજેટ પહેલા આર્થિક સર્વે રજૂ કરવાની સામાન્ય પ્રથા બની ગઈ છે.
- થોડા વર્ષોથી આર્થિક સર્વે બે ભાગો (Volame -1&2) માં મર્જ કરવામાં આવે છે.
- ભાગ–1 એ અર્થવ્યવસ્થાનો પ્રવાહ દર્શાવવાનો પ્રયત્ન કરે છે જેમાં અર્થતંત્રના ઘણા બધા વિશ્લેષણો દર્શાવવામાં આવે છે જેથી આ ભાગ મહત્ત્વપૂર્ણ માનવમાં આવે છે.
- ભાગ– 2માં ડેટા આધારિત માહિતી દર્શાવવામાં આવે છે. તેમાં તાજેતરના વિકાસના મુખ્ય ક્ષેત્રોની સમીક્ષા, તેને સંલગ્નત ક્ષેત્રના ટેબલ અને ડેટા દર્શાવે છે.

### આર્થિક સર્વે કોણ લખે છે ?

- આર્થિક સર્વે મુખ્ય આર્થિક સલાહકારના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવે છે અને કેન્દ્રિય બજેટની જાહેરાતના એક કે બે દિવસ અગાઉ તેને સંસદના બંને ગૃહોમાં રજૂ કરવામાં આવે છે.


### આર્થિક સર્વેનો સંક્ષિપ્ત ઈતિહાસ

- પ્રથમ આર્થિક સર્વે માટે વર્ષ 1950-51 માં રજૂ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 1964 સુધી તેને કેન્દ્રીય બજેટ સાથે રજૂ કરવામાં આવતો હતો,પરંતુ પાછળથી બજેટ દરખાસ્તોની વધુ સારી સમજ આપવા માટે કેન્દ્રીય બજેટથી આર્થિક સર્વે અલગ રજૂ કરવામાં આવે છે.
- રસપ્રદ વાત એ છે કે, વર્ષ 2018 માં ભૂતપૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે પ્રથમ વખત દસ્તાવેજને ગુલાબી રંગમાં બહાર પાડયો હતો. આ વિચાર હિંસા સહન કરતી મહિલાઓને ટેકો આપવાનો હતો અને વધુ લિંગ સમાનતાને પ્રોત્સાહિત કરવા માટે હતો.

## આર્થિક સર્વેના મુખ્ય મુદ્દાઓ

### ભારતીય અર્થવ્યવસ્થા અને COVID-19

- આ વર્ષના આર્થિક સર્વેમાં કોરોના મહામારીની અસર દેખાઈ રહી છે. તેથી આર્થિક સર્વે કોરોના યોધ્યાઓને સમર્પિત છે,
- ભારતે COVID-19 મહામારી દરમિયાન ટૂંકાગાળાની પીડા અને લાંબાગાળાના લાભ માટે પોતાની ઈચ્છા દ્વારા લોકોના જીવન અને આજીવિકા બંનેને બચાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે.



- ➤ આ સ્થિતિ સામે આપેલો પ્રતિભાવ માનવીય સિધ્ધાંતના આધારસ્તંભ પર હતો જેમાં કહ્યુ છે કે, "ગુમાવેલુ માણસનું જીવન કયારેય પાછુ મેળવી શકાતું નથી" પરંતુ મહામારીના કારણે ક્ષણિક આંચકાનો ભોગ બનેલી GDP વૃધ્ધિ કરી પાછી પ્રાપ્ત થઈ જશે.
- ➤ ભારતે આવશ્યક દવાઓ, હેન્ડ સેનેટાઈઝર્સ, PPC કિટ્સ, વેન્ટિલેટર સહિત સુરક્ષા પ્રદાન કરતા સાધનો , COVID-19 પરીક્ષણ અને સારવારની સુવિધાઓમાં આત્મનિર્ભરતા પણ હાંસલ કરી હતી.
- ➤ 16 જાન્યુઆરી,2021ના રોજ દેશમાં બનેલી બે રસીઓ સાથે વિશ્વનું સૌથી મોટું COVID-19 રસીકરણ અભિયાન શરૂ થયુ હતું.
- ➤ આ વ્યૂહનીતિ હેન્સેન એન્ડ સાર્જન્ટ (2001) ના નોબલ પુરસ્કાર વિજેતા સંશોધન પરથી પણ પ્રેરિત હતી, આ નીતિ જયારે અનિશ્ચિતતા તેના સર્વોપરી સ્તરે હોય તેવા સૌથી ખરાબ પરિસ્થિતિમાં જાનહાનીને લઘુત્તમ સ્તરે લાવવા પર કેન્દ્રિત હતી.





## ભારતની રણનિતી

- ➤ ભારતે નિયંત્રાત્મક, રાજકોષિય, નાણાકીય અને દિર્ઘકાલિન સંરચનાત્મક સુધારા જેવા ચાર સ્તંભોનો ઉપયોગ રણનીતિ તરીકે કર્યો છે.
- ➤ નાણાકીય સ્થિતિ જોતા ભારતે સમાયોજિત રાજકોષિય અને નાણાકીય સહાયતા પ્રદાન કરી છે.
- ➤ એક અનુકુળ નાણાકીય નીતિ એ નાણાકીય નીતિ સંરચનાને સુવિધાયુકત બનાવીને અસ્થાયી સહાયતાના રૂપમાં દેણદારોને ખુબ જ વધારે માત્રામાં તરલતા અને આકસ્મિક રાહત આપી છે.
- ➤ રાજકોષિય પરિણામ તથા ઋણ સ્થિરતા નીતિઓને ધ્યાનમાં રાખીને લોકડાઉન દરમિયાન સંવેદનશીલ વર્ગની સમસ્યાઓ પૂરી કરીને વપરાશ અને રોકાણને પ્રોત્સાહન આપવામાં આવ્યુ હતું.
- ➤ ભારત એકમાત્ર એવો દેશ છે જેણે મધ્યમ સમયગાળામાં પૂરવઠાનો વિસ્તાર કરીને અને ઉત્પાદન ક્ષમતાઓને દિર્ઘકાલીન નુકસાનથી બચાવવા માટે સંરચનાત્મક સુધારાઓની ઘોષણા કરી છે.
- ➤ 1.46 લાખ કરોડ રૂની 'પ્રોડકશન લિંકડ ઈંસેટિવ' (PLI) યોજનાથી ભારત વૈશ્વિક પુરવઠા શૃંખલાનો એક અભિન્ન અંગ બનવાની અને રોજગારની વધુ તકો ઉત્પન્ન થવાની આશા છે.
- ➤ માંગ આધારિત ઘણા પગલાઓની ઘોષણા કરવામાં આવી છે. જેમાં 'નેશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર પાઈપલાઈન'માંગ વધારવા અને રિકવરી માં તેજી લાવવા માટે એક સાર્વજનિક રોકાણ કેન્દ્રિત કાર્યક્રમ છે.

## આર્થિક ક્ષેત્રમાં મજબૂત અને સશકત (V-આકાર)ની રિકવરી

- ➤ જુલાઈ 2020 થી ભારત V-આકારના આર્થિક સુધારાઓ અપનાવી રહ્યુ છે.
- ➤ V–આકારની રિકવરી એ એક પ્રકારની આર્થિક મંદી અને પુન:,પ્રાપ્તિ (રિકવરી) પ્રક્રિયા છે. જે આકૃતિમાં'V' આકાર જેવી દેખાય છે.
- ➤ જયારે અર્થશાસ્ત્રીઓ મંદી અને આર્થિક સુધારાઓની તપાસ કરે છે ત્યારે V-આકારની રિકવરી એ આર્થિક પગલામાં ચોક્કસ પ્રકારના ચાર્ટનું પ્રતિનિધિત્વ કરે છે.
- ➤ V-આકારની રિકવરીનો ઉપયોગ ઝડપી/તીવ્ર આર્થિક પતન પછી આર્થિક સ્થિતિમાં ત્વરિત અને સતત રિકવરી માટે થાય છે.



- ➤ આ સેવા ક્ષેત્રે મજબૂત સુધારાઓ અને વધતા વપરાશ અને રોકાણની સંભાવના શરૂઆતથી પ્રેરિત છે.
- ➤ V– આકારની રિકવરી ઉચ્ચ આવર્તન સંકેતક જેમ કે, વિજળની માંગ, રેલ ભાડુ,ઈ–વે બીલ, GST સંગ્રહ, સ્ટીલ વપરાશ વગેરેના પુનરુથાનના કારણે થાય છે.
- ➤ અર્થવ્યવસ્થાના મૂળતત્ત્વો મજબૂત બનેલા છે. કારણ કે લોકડાઉનના ઘટાડાની સાથે સાથે આત્મનિર્ભર ભારત અભિયાને અર્થવ્યવસ્થાને મજબૂત તેમજ પુનર્જીવિત કરી છે.
- ➤ આ ગતિએ અર્થવ્યવસ્થાને પૂર્વ રોગચાળાના સ્તરે પહોંચવામાં બે વર્ષનો સમય લાગશે.
- ➤ Q2માં GDP 70.5%નો ઘટાડો નોંધાયો હોવાથી V–આકારની રિકવરી જોવા મળે છે. અને તમામ મુખ્ય આર્થિક સૂચકાંકોમાં રિકવરી નોંધાઈ છે જયારે `Q1માં GDP માં 23.9% નો ઘટાડો નોંધાયો હતો.

## વિકાસ અને દેવુ

- ➤ આર્થિક સર્વે રજૂ કરતા નાણામંત્રીએ એક સક્રિય નાણાકીય નીતિનું આહવાન કર્યુ હતુ અને કહ્યુ હતુ કે, વિકાસને પ્રોત્સાહન આપવાથી ભારતના સદર્ભમાં દેવાને સમાવેશી બનાવી શકાય છે.
- ➤ આર્થિક સર્વેમાં કોવિડ–19 સંકટ દરમિયાન નાણાકીય નીતિની સમીક્ષા કરવામાં આવેલ છે અને એ નિષ્કર્ષ મુજબ કહેવામાં આવે છે કે વિકાસ દેવાને સમાવેશી બનાવી શકે છે,જયારે તેની વિપરિત સાચુ નથી. એવું એટલા માટે કારણ કે દેવુ સમાવેશન વ્યાજદર વિકાસદર તફાવત (IRGD)


પર નિર્ભર છે એટલે કે કોઈ અર્થવ્યવસ્થામાં વ્યાજદર અને વિકાસદર વચ્ચેનો તફાવત.



- ભારતના સંદર્ભમાં ઉચ્ચ વિકાસની ક્ષમતા જોતા ભારત સરકાર દ્વારા દેવા પર દેવામાં આવતો વ્યાજદર, ભારતના વિકાસદરથી ઓછો છે, આ નિયમિત છે તથા તેને અપવાદ નથી કહી શકતો.
- સમીક્ષામાં કહેવામાં આવ્યું છે કે વિકસિત અર્થતંત્રોથી વિપરિત ભારતમાં ઋણાત્મક IRGD નિમ્ન વ્યાજદરના કારણે નથી પરંતુ ઉચ્ચ વિકાસદરના કારણે છે.
- ઊંચો વૃધ્ધિદર ધરાવતા દેશોમાં વૃધ્ધિના કારણે દેવુ ટકાઉક્ષમ બને છે, ઓછો વૃધ્ધિદર ધરાવતા દેશોમાં પ્રાસંગિક દિશાસૂચન અંગે આવી સ્પષ્ટતા જોવા મળતી નથી.
- સક્રિય રાજકોષિય નીતિ દ્વારા સુનિશ્ચિત થાય છે કે, ઉત્પાદન ક્ષમતાની હાનિને મર્યાદિત કરીને સુધારાઓનો સંપૂર્ણ લાભ લેવામાં આવી રહ્યો છે.
- રાજકોષિય નીતિ કે જે વિકાસને વેગ આપે છે તેનાથી GDPથી દેવાનો ગુણોત્તર (GDP to debt ratio) વધે છે.
- ભારતની વૃધ્ધિની સંભાવનાઓને ધ્યાનમાં લેતા, સૌથી ખરાબ પરિદ્દશ્યમાં પણ દેવાની ટકાઉક્ષમતાથી સમસ્યાની શકયતા જણાવી નથી.
- આર્થિક પડતી દરમિયાન વિકાસને સક્ષમ કરવા માટે પ્રતિ–ચક્રિય આર્થિક નીતિનો ઉપયોગ કરવા માટે ઈચ્છિત છે.
- સક્રિય,પ્રતિ–ચક્રિય રાજકોષિય નીતિ રાજકોષિય ગેરજવાબદારોનું આહવાન નથી પરંતુ જેણે રાજકોષીય નીતિ સામે અસમપ્રમાણ પૂર્વગ્રહ ઉભો કર્યો છે.

## કુલ ઘરેલુ ઉત્પાન સંબંધિ અનુમાન

- નાણાકીય વર્ષ 2021-22માં ભારતનો વાસ્તવિક GDP વિકાસદર 11.0% રહેશે. તથા સાંકેતિક GDP વિકાસદર 15.4% રહેશે જે સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ સૌથી વધુ રહેશે.
- આપેલ અનુમાન આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) ને અનુરૂપ છે.
- નાણાકીય વર્ષ 2021ના પ્રથમ છ મહિનામાં ચાલુ ખાતાની ખાધ GDP ના 301% રહેશે.
- વૈશ્વિક આર્થિક આઉટપુટ 2020માં 305% ના ઘટાડા સાથે રહેવાનું અનુમાન છે (IMF) જાન્યુઆરી 2021 અનુમાન મુજબ)




## વિદેશી રોકાણ

- એપ્રિલ–ઓકટોબર 2020 દરમિયાન 27.5 બિલીયન અમેરિકી ડોલરનું કુલ પ્રત્યક્ષ વિદેશી રોકાણ આવ્યુ છે, જે નાણાકીય વર્ષ 2019-20ના પહેલા સાત મહિનાની તુલનામાં 14.8% વધુ છે.
- નવેમ્બર 2020 માં કુલ વિદેશી પોર્ટફોલિયો નિવેશ પ્રવાહ 9.8 બિલિયન ડોલર રહ્યો હતો જે બીજા કોઈપણ મહિના કરતા સર્વાધિક છે.
- નાણાકીય વર્ષ 2021 ના બીજા અર્ધવાર્ષિક સમયમાં નિકાસમાં 5.8% ઘટાડો થવાનું જયારે આયાતમાં 11.3%નો ઘટાડો થવાનું અનુમાન છે.
- નાણાકીય વર્ષ 2021માં GDP ના 27% ચાલુ ખાતાની સિલક પ્રાપ્ત કરશે તેવુ અનુમાન છે જે 17 વર્ષથી ઐતિહાસિક ઉંચો આંકડો છે




- પુરવઠા બાજુએ, કુલ મૂલ્ય વર્ધિત (GVA) વૃધ્ધિ નાણાકીય વર્ષ 2021માં 7.2% નિર્ધારિત કરવામાં આવી છે. જયારે નાણાકીય વર્ષ 2020 માં તે 3.9% હતી.
- સેન્સેકસ અને નિફટીમાં તેજીના કારણે ઓકટોબર 2010 પછી પહેલી વખત GDP રેશિયોમાં ભારતની બઝાર મૂડી 100%નો આંકડો વટાવી ગઈ છે.
- રોકાણમાં નાણાકીય વર્ષ 2021ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળ ામાં 29%ના ઘટાડા સામે નાણાકીય વર્ષ 2021ના બીજા અર્ધવાર્ષિક ગાળામાં 0.8% નું નજીવું સંકોચન રહેશે.
- વિદેશી હુંડીયામણ એવા સ્તરે વધ્યુ છે કે જેથી ડિસેમ્બર

2020માં 18 મહિનાનું મૂલ્ય આવરી શકાયુ છે.

- નોંધનિય પ્રમાણમાં હુંડિયામણના એકત્રીકરણના કારણે કુલ અને ટુંકાગાળાના દેવાએ વિદેશી હુંડિયામણનો ગુણોત્તર સુધાર્યો છે.

## સેવાક્ષેત્ર

- ભારતના કુલ મૂલ્ય વર્ધિત (GVA) ના 54%થી વધુ તથા કુલ પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FOI) ના લગભગ 4/5 મો ભાગ સેવાક્ષેત્રમાંથી જ આવે છે.
- કુલ નિકાસમાં સેવાક્ષેત્રનો હિસ્સો 48% છે.
- કોવિડ–19 મહામારીમાં ભારતીય સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમ સારી પ્રગતિ કરી રહી છે. આ વર્ષે 38 નવા સ્ટાર્ટ અપ સાથે પાછલા વર્ષે આ સૂચિમાં 12 સ્ટાર્ટ અપ જોડાયા હતા.
- ભારતનું અંતરિક્ષ ક્ષેત્ર પાછલાં છ મહિનાથી ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યુ છે. ખાનગી ઉદ્યમીઓને શામેલ કરવા માટે 'અંતરિક્ષ ઈકોસિસ્ટમમાં અનેક નીતિગત સુધારાઓ કરવામાં આવ્યા છે.




- નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં કોવિડ–19 રોગચાળાને પગલે લાગુ લોકડાઉનને કારણે ભારતનના સેવા ક્ષેત્રની કામગીરીમાં 16%નો ઘટાડો થયો હતો જે માટે આ ક્ષેત્રની અતિ સંપર્કની જરૂરિયાત જવાબદાર હતી
- સર્વિસ પર્ચેઝિંગ મેનજર્સ ઈન્ડેકસ,રેલ ફ્રિટ ટ્રાફિક અને પોર્ટ ટ્રાફિક જેવા મુખ્ય સંકેતોએ લોકડાઉન દરમિયાન તીવ્ર ઘટાડા પછી હવે V આકારનો સુધારો દર્શાવ્યો છે.
- આંતરરાષ્ટ્રીય સ્તરે મોટા પાયે વિક્ષેપ પેદા થવા છતા એપ્રિલથી સપ્ટેમ્બર, 2020 દરમિયાન ભારતમાં સેવા ક્ષેત્રમાં FDI નો પ્રવાહ વાર્ષિક ધોરણે 34% ના દરે વધીને 2306 અબજ ડોલરને આંબી ગયો હતો.
- 39 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 15માં GVAમાં ક્ષેત્રનો હિસ્સો 50% થી વધારે છે તથા દિલ્હી અને ચંદીગઢમાં ખાસ કરીને વધારે સ્પષ્ટપણે (85%થી વધુ) જોવા મળે છે.
- કુલ નિકાસમાં સેવાક્ષેત્રનો હિસ્સો 48% છે જે છેલ્લા થોડા વર્ષોમાં ચીજવસ્તુઓની નિકાસથી વધી ગયો છે.
- વર્ષ 2010-11માં બંદરો પર શિપિંગ પર ટર્ન અરાઉન્ડ ટાઈમ 4067 થી ઘટીને વર્ષ 2019-20માં લગભગ અધડો એટલે કે 2062 દિવસ થઈ ગયો છે.

## કૃષિક્ષેત્ર

- કોવિડ–19 ના કારણે ભારતીય અર્થવ્યસ્થાને થયેલ નુકસાન ઓછુ કરવામાં કૃષિક્ષેત્ર મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે. તથા કૃષિક્ષેત્રનો વિકાસ દર વર્ષ 2021 માટે 3.4% અંદાજવામાં આવ્યો છે.
- દેશના કુલ મૂલ્ય વર્ધિત (GVA) માં કૃષિ અને સહાયક ક્ષેત્રોની હિસ્સેદારી વર્ષ 2019-20 ના સ્થિર મૂલ્યો પર 17.8% રહી છે (CSO ની રાષ્ટ્રીય આવકનો કામચલાઉ અં દાજ 29.મે,2020)
- વર્ષ 2019માં પ્રમુખ કૃષિ અને તેના સંબંધિત ઉત્પાદનોની પ્રમુખ નિકાસ અમેરિકા, સાઉદી અરબ, ઈરાન,નેપાળ અને બાંગ્લાદેશમાં હતી.



- ભારતમાંથી નિકાસ થયેલ મુખ્ય કૃષિ અને સંબંધિત ઉત્પાદનોમાં દરિયાઈ ઉત્પાદન,બાસમતિ ચોખા, ભેંસનું માંસ, મસાલા,બિન–બાસમતિ ચોખા, કાચુ કપાસ, તેલ, ખાદ્ય પદાર્થ,ખાંડ એરંડીયાનું તેલ અને ચા વગેરે હતા.
- કુલ કૃષિ અને સંબંધિત ક્ષેત્ર (સ્થિર કિંમતો પર) પશુપાલનનું યોગદાન 24.32% (2014-15) થી વધીને 28.63% (2018-19) થઈ ગયુ છે.
- ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગો (FPI) ક્ષેત્ર 9.99% ની સરેરાશ વૃધ્ધિથી આગળ વધી રહ્યો છે. પાછલા પાંચ વર્ષ દરમિયાન 2011-12 ના આધાર વર્ષ પર કૃષિમાં 3.12% અને વિનિર્માણમાં 8.25% વૃધ્ધિ થઈ છે.
- GVA સાથે સંબંધિત કુલ મૂડી રચના (GCF) ઊતાર–ચઢાવનું વલણ દર્શાવે છે, જે વર્ષ 2013-14 માં 17.7% થી ઘટીને વર્ષ 2018-19 માં 16.4 ટકા થયું હતું જેમાં વર્ષ 2015-16 માં 14.7% સુધીનો ઘટાડો થયો હતો.
- કૃષિ વર્ષ 2019-20માં દેશમાં કુલ અનાજનું ઉત્પાદન (પાંચમાં આગોતરા અંદાજ મુજબ) 11.44 મિલિયન ટન થયુ છે, જે વર્ષ 2028-19 થી વધારે છે.
- વર્ષ 2019-20માં કૃષિ ધિરાણનો લક્ષ્યાંક રૂ.13,50,000


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

કરોડ હતો, જેની સામે વાસ્તવિક કૃષિ ધિરાણ પ્રવાહ રૂ.13,92,469.81 કરોડ હતો. વર્ષ 2020-21 માટે આ લક્ષ્યાંક રૂ.15,00,000 કરોડ હતો 30 નવેમ્બર 2020 સુધી કુલ 9,73,517.80 કરોડ ધિરાણનું વિતરણ થયુ હતું.

➤ પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના વાર્ષિક ધોરણે 5.5 કરોડથી વધારે ખેડૂત અરજીઓને આવરી લેશે.

➤ 12 જાન્યુઆરી 2021 સુધી રૂ.90,000 કરોડના દાવાઓમાં વળતરની ચુકવણી થઈ છે.

➤ વર્ષ 2019-20 દરમિયાન માછલીનું ઉત્પાદન અત્યાર સુધીમાં સૌથી વધુ 14.16 મિલિયન મેટ્રિક ટન થયુ હતુ.

➤ રાષ્ટ્રીય GVAમાં મત્સ્યપાલન ક્ષેત્ર દ્વારા GVA રૂ.2,21,915 કરોડ હતું જે કુલ રાષ્ટ્રીય GVA માં 1024% અને કૃષિ GVAમાં 7.28%નો હિસ્સો ધરાવે છે.

➤ આત્મનિર્ભર ભારત પેકેજ (NFSA) હેઠળ આશરે 8 કરોડ પર (પ્રાંતિય કે રાજયના રેશનકાર્ડ હેઠળ બાકાત રહેલા) ને ચાર મહિના (મે થી ઓગષ્ટ) માટે દર મહિને વ્યકિતદીઠ 5 કિગ્રા અનાજ, જેની સાથે અંદાજે રૂ.3109 કરોડની સબસીડી સંકળાયેલી છે.

## ભારત અને નવાચાર

➤ ભારતે વૈશ્વિક નવોન્મેષ સૂચકાંક (Global Innovation Index) નો વર્ષ 2007 ના શરૂઆતથી પ્રથમ વાર વર્ષ 2020માં ટોચના 50 નવોન્મેષ દેશોના સમૂહમાં પ્રવેશ કર્યો છે.




➤ આ સંદર્ભમાં ભારત મધ્ય અને દક્ષીણ એશિયામાં પ્રથમ ક્રમ પર છે. તથા નિમ્ન–મધ્યમ આવક વર્ગવાળી અર્થવ્યવસ્થાઓમાં ત્રીજા સ્થાન પર છે.

➤ ભારતની મહાત્વાકાંક્ષા નવોન્મેષ (Innovation)ની બાબતમાં ટોચની 10 અર્થવ્યવસ્થા સાથે પ્રતિસ્પર્ધા કરવાની હોવી જોઈએ.

➤ સંરોધન અને વિકાસ પર ભારતનો કુલ સકલ ઘરેલુ ખર્ચ (GIRD) ટોચની અર્થવ્યવસ્થાની સરખામણીએ ઓછો છે.

➤ સંશોધન અને ભાગીદારી અસમપ્રમાણ રીતે મોટો હિસ્સો ધરાવે છે. અને તે ટોચની અર્થવ્યવસ્થાના સરેરાશ કરતા ત્રણ ગણો વધારે છે.

➤ ભારતના વ્યવસાય ક્ષેત્રમાં સંશોધન અને વિકાસ ક્ષેત્રમાં રોકાણ પૂરતી માત્રમાં વધારવાની જરૂર છે

➤ દેશમાં કરવામાં આવતી કુલ પેટન્ટ અરજીઓમાં ભારતીયોની ભાગીદારી વર્તમાનમાં 36% છે ત્યાથી વધારવાની જરૂર છે, જયારે તે ટોચની દસ અર્થવ્યવસ્થાની 62%ની ભાગીદારીની સરખામણી એ ખૂબ ઓછી છે.

➤ વર્ષ 2016-17 પછીથી બજેટમાં સંરક્ષણ માટે ફાળવેલ રાશી સંપૂર્ણ ઉપયોગમાં લેવામાં આવે છે જયારે આવું પહેલા થતું ન હતુ.

## સાર્વભૌમ (Sovereign) ક્રેડિટ રેટિંગ

➤ વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થાને કરાયેલ સાર્વભૌમ ક્રેડિટ રેટિંગમાં રોકાણ ગ્રેડ(BBB-Baa3) ના નબળા ધોરણ તરીકે રેટિંગ આપવામાં આવ્યુ નથી.

➤ આર્થિક કદને પ્રતિબિંબિત કરતુ હોવાથી અને તેના કારણે દેવુ ચુકવવાની ક્ષમતા દર્શાવતું હોવાથી પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થાને મુખ્યત્ત્વે AAA રેટિંગ આપવામાં આવ્યુ છે.

➤ આ નિયમમાં માત્ર ચીન અને ભારત જ અપવાદ છે, ચીનને વર્ષ 2005 માં A-/A2 રેટિંગ આપવામાં આવ્યુ હતુ અને હવે ભારતને BBB-/Baa3 રેટિંગ આપવામાં આવ્યુ છે.

➤ ભારતનું સાર્વભૌમ ક્રેડિટ રેટિંગ તેની મૂળભૂતતાઓ પ્રતિબિંબ કરતું નથી.

➤ સંખ્યાબંધ માપદંડો પર S & P / Moody માટે પામેલા દેશોમાં એક સ્પષ્ટ આઉટલેપર (ભિન્ન) છે.

➤ ક્રેડિટ રેટિંગ નાદારીની સંભવિતતાનુ આલેખન કરે છે. અને તેથી પોતાની જવાબદારીઓ સંતોષવા માટેની ઋણદારની ઈચ્છા અને સામર્થ્ય પ્રતિબિંબિત કરે છે.

➤ ભારતના શૂન્ય સાર્વભૌમ નાદારી ઈતિહાસ પરથી ભારતની ચૂકવણી કરવાની ઈચ્છાશકિત નિઃશંક રીતે પ્રદર્શિત થાય છે.

➤ ભારતનું ચુકવણી કરવાનું સામર્થ્ય ઓછા વિદેશી ચલણ પ્રભાવિત દેવા અને વિદેશી હુંડિયામણ પરથી આંકી શકાય છે.

➤ ભારતના બદલાતા સાર્વભૌમ ક્રેડિટ રેટિંગને સુક્ષ્મ આર્થિક સૂચકાંકો સાથે કોઈ સહસંબંધ નથી અથવા અત્યંત ઓછી છે.

➤ ભારતની રાજકોષિય નીતિ ગુરદેવ રવિન્દ્રનાથ ટાગોરની ભારણી 'કર થી મુકત મન'ને પ્રતિબિંબ કરતી હોવી જોઈએ.

➤ સાર્વભૌમ ક્રેડિટ રેટિંગ પધ્ધતિ વધુ પારદર્શક, ઓછી વિષયલક્ષી હોવી જોઈએ. જેથી અર્થવ્યવસ્થાની મૂળભૂત પ્રતિબિંબીત કરી શકાય.

## અસમાનતા અને વિકાસ

➤ વિકસિત અર્થવ્યવસ્થાઓથી વિરુધ્ધ ભારતમાં અસમાનતા અને પ્રતિવ્યકિત આવક (વિકાસ)ના સામાજિક–આર્થિક/ પરિણામો ની સાથે અસમાનતાની સાથે સમાન સંબંધ છે.

➤ આર્થિક વિકાસનો વધુ પ્રભાવ અસમાનતાની તુલનામાં ગરીબી નાબૂદી પર પડે છે.

➤ નાગરીકોને ગરીબીના દુષ્ચક્રમાંથી કાઢવા માટે ભારતને આર્થિક વિકાસ પર ભાર મૂકવો પડશે. વિકાસશીલ અર્થવ્યવસ્થામાં પુનર્વિતરણ માત્ર ત્યારે જ વર્ણવાય છે જયારે અર્થવ્યવસ્થાનો આકાર વધતો રહે.

## સ્વાસ્થ્ય સેવા

➤ કોવિડ–19 મહામારીએ આરોગ્ય ક્ષેત્ર અને અન્યક્ષેત્રો સાથે

તેના આંતરિક જોડાણના મહત્ત્વ પર વિશેષ ભાર મૂકયો છે. તેણે કેવી રીતે આરોગ્ય કટોકટી આર્થિક અને સામાજિક કટોકટીમાં રૂપાંતરિત થઈ જાય તે દર્શાવ્યું છે.

➤ ભારતમાં આરોગ્ય માળખાગત સુવિધાઓ અવશ્યપણે સારી અને સુદૃઢ હોવી જોઈએ. જેથી મહામારી સામે પ્રતિભાવ આપી શકાય,આરોગ્ય નીતિ 'મુખ્યતા પૂર્વગ્રહ' ને આભારી ન હોવી જોઈએ.

➤ આયુષ્યમાન ભારતની સાથે સાથે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન પર ભાર મુકવાનું રાખવુ જોઈએ.

➤ જાહેર આરોગ્ય સંભાળ પાછળ GDPના 1% ખર્ચ કરવામાં આવતો હતો તે વધીને 2.5-3% કરવામાં આવ્યો છે જેના કારણે એકંદરે આરોગ્ય સંભાળ પાછળ ના ખર્ચમાં ખિસ્સામાંથી થતો ખર્ચ 65% થી ઘટીને 35% થઈ ગયો છે.

➤ માહિતીની અસમપ્રમાણતાને કારણે ઉદ્‌ભવેલી બજારની નિષ્ફળતાને ધ્યાનમાં રાખીને આરોગ્ય સંભાળ ક્ષેત્ર માટે નિયમનકાર અવશ્યપણે ધ્યાનમાં લેવા જોઈએ.

➤ ઈન્ટરનેટ કનેક્ટીવીટી અને આરોગ્ય માળખાગતમાં રોકાણ કરીને ટેલિ મેડિસિનનો સંપૂર્ણપણે વિકાસ કરવાની જરૂર છે.

➤ આરોગ્ય વિમા કરાવનારા પરિવારોની સંખ્યા બિહાર,અસમ અને સિક્કિમ 2015-16 થી 2019-20 સુધી 89% હતી ત્યારે પશ્ચિમ બંગાળમાં આ જ સમયગાળામાં 12% નો ઘટાડો આવ્યો છે.

➤ 2015-16 થી 2019-20 દરમિયાન શિશુ મૃત્યુદર ઘટીને પશ્ચિમ બંગાળમાં 20% જયારે બાકીના ત્રણ પડોશી રાજયોમાં 28% પર આવી ગયો છે.

➤ પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો મૃત્યુદર પશ્ચિમ બંગાળમાં 20% નો ઘટાડો નોંધાયો છે જયારે પાડોશી રાજયોમાં 27% નો ઘટાડો જોવા મળ્યો છે.

## રાષ્ટ્રીય આરોગ્ય મિશન

➤ આ મિશનને અસમાનતા ઘટાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે કારણ કે પ્રસવપૂર્વ/ પ્રસવોત્તર સંભાળ અને સંસ્થાગત ડિલિવરી માં ગરીબોની પહોંચમાં ઉલ્લેખનીય વૃધ્ધિ થઈ છે.

➤ આયુષ્યમાન ભારત અંતર્ગત આ યોજનાને મહત્ત્વ આપવું જોઈએ.

## પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના

➤ જે રાજયોએ PM-JAY યોજના લાગુ કરી છે તે રાજયોમાં આરોગ્ય પરિણામોમાં સુધારો થયો છે. ભારત સરકાર દ્વારા વર્ષ 2018માં શરૂ કરવામાં આવેલી આ મહત્વાકાંક્ષી યોજના છે. જેનો હેતુ સૌથી સંવેદનશીલ લોકોને આરોગ્ય સંભાળ પૂરી પાડવાનો છે.

## શિક્ષણ ક્ષેત્ર

➤ ભારત પ્રાથમિક વિદ્યાલય સ્તર લગભગ 96% સાક્ષરતા પ્રાપ્ત કરી ચુકયુ છે.

➤ રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ (National Sample Sarvey) અનુસાર, અખિલ ભારતીય સ્તર પર 7 વર્ષ અથવા તેનાથી વધુ ઉંમરવાળા વ્યકિતઓનો સાક્ષરતા દર 77.7% છે, પરંતુ સામાજિક –ધાર્મિક સમૂહો ની સાથો સાથ લિંગ આધારિત (મહિલા–પુરુષ) સાક્ષરતા દરમાં તફાવત હજુ પણ વધારે છે.

➤ હિંદુ અને ઈસ્લામ ધાર્મિક સમૂહો સહિત SC,ST અને OBC સામાજિક સમૂહો વચ્ચે મહિલા સાક્ષરતા દર રાષ્ટ્રીય સરેરાશથી નીચે રહેલો છે.

## ગ્રામીણ બાળકોનું નામાંકન

- રાષ્ટ્રીય નમૂના સંવેક્ષણ અનુસાર, ગ્રામીણ ભારતમાં સરકારી અને ખાનગી શાળાઓમાં નામાંકિત એવા બાળકોની સંખ્યા, જેમની પાસે સ્માર્ટ ફોન છે, વર્ષ 2018 માં 36.5% હતી જેની તુલનામાં વર્ષ 2020 માં તે તીવ્ર વધારા સાથે 61.8% થઈ ગઈ છે.

## પ્રધાનમંત્રી ઈ-વિદ્યા

- પ્રધાનમંત્રી ઈ–વિદ્યા (PM-eVIDYA) પહેલની ઘોષણા મે, 2020 માં આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત શાળા અને ઉચ્ચ શિક્ષણ માટે કરવામાં આવી હતી.
- તે વિદ્યાર્થીઓ અને શિક્ષકો સુધી શિક્ષણને બહુ–પધ્ધતિ તથા ન્યાયસંગત રૂપથી સુગમતા સાથે પહોંચાડવા માટે ડિજિટલ/ ઓનલાઈન શિક્ષા માટેની વ્યાપક પહેલ છે.
- તેના અંતર્ગત લગભગ 92 અભ્યાસક્રમ શરૂ થઈ ગયા છે અને 1.5 કરોડ વિદ્યાર્થીઓનું મેસિવ ઓપન ઓનલાઈન કોર્સ (Swayam Massive Open online Coarse) અંતર્ગત નામાંકન કરવામાં આવ્યુ છે, જે એક રાષ્ટ્રીય મુકત વિદ્યાલયી શિક્ષા સંસ્થાથી સંબંધિત ઓનલાઈન અભ્યાસક્રમ છે.

## પ્રજ્ઞાતા

- પ્રજ્ઞાતા (PRAGYATA) દિશા–નિર્દેશ વિદ્યાર્થીઓના દષ્ટિકોણનો આધાર બનાવીને વિકસિત કરેલ છે જે COVID-19 મહામારી દરમિયાન કરેલ લોકડાઉનના કારણે ઘરો પર રહેતા વિદ્યાર્થી માટે ઓનલાઈન/ ડિજિટલ શિક્ષા પર કેન્દ્રિત છે.

## મનોદર્પણ

- આ પહેલનો ઉદ્દેશ્ય આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓને તેના માનસિક સ્વાસ્થ્ય અને કલ્યાણ માટે મનોસામાજિક સહાયતા પ્રદાન કરવાનો છે.




## વ્યવસાયિક અભ્યાસક્રમ અને કૌશલ વિકાસ

- પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના 3.0 અંતર્ગત વિદ્યાલયોમાં વિદ્યાર્થીઓને કૌશલજ્ઞાન દેવા માટે વર્ગ 9 થી 12 સુધી વ્યવસાયિક અભ્યાસક્રમની પ્રકરણ વાર શરૂઆત કરવામાં આવશે.
- ભારતમાં 15-59 વર્ષની ઉંમરના સમૂહના માત્ર 2.4% કર્મચારીઓએ ઔપચારિક વ્યવસાયિક અથવા તકનીકિ પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યુ છે, જયારે અન્ય 80.9% એ અનૌપચારિક સ્ત્રોતોના માધ્યમથી પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યુ છે.
- બિન–ઔપચારિક રૂપથી પ્રશિક્ષિત 89.9% કાર્યબળમાં થી ઓન ધ જોબ 3.3% , સેલ્ફ લર્નિંગ 2.5% વંશાનુગત સ્ત્રોતમાં 2.1% અને અન્ય સ્ત્રોતોથી 1% એ પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યુ છે.
- સૌથી વધુ ઔપચારિક પ્રશિક્ષણ IT-ITeS (Information Techology Enabled Services) અભ્યાસક્રમમાંથી લેવામાં આવેલ છે.
- એકીકૃત કૌશલ નિયામક–રાષ્ટ્રીય વ્યવસાયિક શિક્ષા અને પ્રશિક્ષણ પરિષદ (Nafional Council For Vocational Education and Training) નો હાલમાં શરૂ કરવામાં આવ્યુ છે.

## પાયાની જરૂરિયાતો

- 2012 ની સરખામણીએ 2018માં દેશમાં તમામ રાજયોમાં પાયાની જરૂરિયાતો સુધી લોકોની પહોંચમાં પૂરતા પ્રમાણમાં સુધારો આવ્યો છે.
- કેરળ,પંજાબ,હરિયાણા અને ગુજરાતમાં તે સર્વોચ્ચ સ્તરે જોવા મળ્યું છે જયારે ઓડિશા,ઝારખંડ,પશ્ચિમ બંગાળ અને ત્રિપુરામાં તે સૌથી ઓછા સ્તરે છે.
- પાણી ,આવાસ (ઘર),સુક્ષ્મ પર્યાવરણ અને અન્ય સુવિધાઓ જેવા પાંચ ક્ષેત્રમાં ઘણો સુધારો જોવા મળ્યો છે.
- દેશના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારોના ગરીબ પરિવારો સ્થિતિમાં અમીર પરિવારોની તુલનાએ ઘણો સુ ધારો જોવા મળ્યો છે.
- પાયાની જરૂરિયાતો સુધી પહોંચમાં સુધારો આપવાથી સ્વાસ્થ્ય સુચકાંકોમાં પણ સુધારો આવ્યો છે, અને શિશુ મૃત્યુદર તેમજ પાંચ વર્ષથી નાની ઉંમરના બાળકોમાં મૃત્યુ દરમાં ઘટાડો આવ્યો છે. અને તેના કારણે ભવિષ્યમાં શિક્ષણ સંબંધિત સૂચકાંકોમાં પણ સુધારો આવે તેવી અપેક્ષા છે.

## બાહ્યક્ષેત્ર

- COVID-19 રોગચાળાને પગલે વૈશ્વિર વેપારમાં તીવ્ર ઘટાડો થયો હતો,ઉપભોકતા ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થયો હતો અને બાહ્ય નાણાકીય સ્થિતિ સંજોગોમાં સંકોચન થવાથી ચાલુ ખાતાની ખાદ્ય અને વિદેશી દેશોના ચલણો પર અસર થઈ હતી.
- ઊંચા FDI અને FPI પ્રવાહને પગલે મૂડી ખાતામાં સંતુલન ઊભુ થયુ છે.
- એપ્રિલ થી ડિસેમ્બર 2020 દરમિયાન FPI નો ચોખ્ખો પ્રવાહ 2805 અબજ ડોલર હતો જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 1203 અબજ ડોલર હતો.
- પ્રવાસ સેવામાં ઘટાડો થવાને કારણે પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં નાણાકીય વર્ષ 2020-21માં વસ્તુઓની આયાતમાં તીવ્ર ઘટાડો થયો હતો,જેમાં ચાલુ આવક (15.1%) ની સરખામણીમાં ચાલુ ચુકવણીમાં તીવ્ર ઘટાડો (30.8% સુધી) થયો હતો, તથા ચાલુ ખાતાની પુરાંત 34.7 અબજ ડોલર (GDP ના 3.1%) થઈ હતી.

- 17 વર્ષના ગાળા પછી ભારતનું વાર્ષિક ચાલુ ખાતુ પુરાંત સાથે બંધ થયુ હતુ.
- સર્વે હેઠળના સમયગાળા દરમિયાન નિકાસમાં પેટ્રોલિયમ, ઓઈલ, અને લ્યુબ્રિકન્ટ્સ (POAL) ની નિકાસમાં નકારાત્મક પ્રભાવ જોવા મળ્યો હતો.
- બિન–POAL નિકાસમાં સકારાત્મક પ્રભાવ જોવા મળ્યો હતો. અને 2020-21ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં નિકાસની કામગીરીમાં સુધારો કરવામાં મદદ મળી હતી.
- બિન–POAL નિકાસની અંદર કૃષિ અને આનુષંગિક ઉત્પાદનો,દવાઓ અને ફાર્માસ્યુટિકલ તથા અયસ્ક અને ખનીજોમાં વધારો થયો હતો.
- એપ્રિલ થી ડિસેમ્બર 2020 દરમિયાન ચીજવસ્તુઓની કુલ આયાત – 29.81% ઘટીને 258.3 અબજ ડોલર થઈ હતી જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 364.2 અબજ ડોલર હતી.
- POAL આયાતમાં હિસ્સો ઘટવાથી સંપૂર્ણ આયાતની વૃધ્ધિમાં ઘટાડો થયો હતો.
- બિન–POAL, ગૈર–સોનુ અને ગૌર–ચાંદોની આયાતની વૃધ્ધિમાં ખાતરો, વનસ્પતિ તેલ, દવાઓ અને ફાર્માસ્યુટીકલ તથા કમ્પ્યુટર હાર્ડવેર અને સંલગ્ન ચીજવસ્તુઓએ સકારાત્મકતા પ્રદાન કરી હતી.
- આયાતમાં ઘટાડો થવાથી ચીન અને અમેરીકા સાથે વેપાર સંતુલનમાં સુધારો થયો હતો.
- સેવાક્ષેત્રની સતત મજબૂતી માટે મુખ્યત્વે સોફ્ટવેર સેવાઓ જવાબદાર હતી જે સેવાક્ષેત્રની નિકાસમાં 48% જેટલો સિંહફાળો ધરાવે છે.
- સપ્ટેમ્બર 2020 ના અંતે ભારતનું બાહ્ય દેવુ 556.2 અબજ હતુ જેમાં માર્ચ 2020માં પૂર્ણ થયેલા ગાળાની સરખામણીમાં 2.0 અબજ ડોલર (0.4%) નો ઘટાડો થયો હતો.
- સપ્ટેમ્બર 2020ના અંતે દેવુ ચુકવાનો ગુણોત્તર વધીને 9.7% થયો હતો, જે માર્ચ 2020 ના અંતે 60.5% હતો.
- 6-ચાલણ સાધારણ અસરકારક વિનિમય દર (NEER) (વેપાર આધારિત પ્રમાણ)ની દષ્ટિએ માર્ચ,2020 ની સરખામણીમાં ડિસેમ્બર 2020માં રૂપિયાનુ મૂલ્ય 401% ઘટ્યું હતું, જો કે વાસ્તવિક અસરકારક વિનિમય દર (REER) ની દષ્ટિએ મૂલ્યમાં 2.9% નો વધારો થયો હતો સરખામણીમાં ડિસેમ્બર 2020 માં રૂપિયાનું મૂલ્ય 20.9% ઘટયુ હતું જો કે REERની દષ્ટિ એ તેમાં 2.2% નો સુધારો થયો હતો.

## નાણાનું વ્યવસ્થાપન અને નાણાકીય હસ્તક્ષેપ

- વર્ષ 2020 દરમિયાન સાનુકૂળ નાણાકીય નીતિ જેમાં માર્ચ 2020 થી અત્યાર સુધીમાં રેપોરેટમાં 115 BPS નો ઘટાડો કરાયો હતો.
- અનુસૂચિત વાણિજિયક બેંકોનો કુલ બિનકાર્યક્ષમ અસ્યામતોનો ગુણોત્તર માર્ચ 2020 ના અંતે 8.21% થી ઘટીને સપ્ટેમ્બર 2020 ના અંતે 7.49% થયો હતો.
- નાણાકીય વર્ષ 202021 દરમિયાન ડિપોઝીટ અને ધિરાણના નીચા નીતિગત દરે નાણાકીય પ્રવાહમાં સુધારો થયો હતો.
- IBC (રચના થવાથી અત્યાર સુધી) અનુસૂચિત વાણિજિયક બેંકો માટે વસૂલાતનો દર 45% થી વધારે છે.

## કિંમતો અને મોંઘવારી

- એપ્રિલથી ડિસેમ્બર 2020 દરમિયાન સરેરાશ 6.6% તથા ડિસેમ્બર 2020માં 4.6% જે માટે મુખ્યત્વે વર્ષ 2019-20 માં ખાદ્ય ચીજવસ્તુઓની મોંઘવારીમાં વધારો થયો હતો. [વર્ષ 2019-20માં 6.7% થી એપ્રિલથી ડિસેમ્બર,2020 દરમિયાન 90% જે માટે શાકભાજીની કિંમતમાં વધારો જવાબદારી હતો.]
- નવેમ્બર 2019 થી અત્યાર સુધી CPI-શહેરી અને CPI-ગ્રામીણ મોંઘવારી વચ્ચેના તફાવતમાં સતત ઘટાડો થયો છે.
- ખાદ્ય ચીજવસ્તુઓની મોંઘવારી લગભગ એક સ્તર પર પહોંચીને સ્થિર થઈ ગઈ છે.
- ગ્રામીણ–શહેરી મોંઘવારીમાં તફાવત CPI ના અન્ય ઘટકોમાં જોવા મળ્યો હતો. જેમ કે, બળતણ,વિજળી,પોષાક/વસ્ત્ર,પગરખા,અન્ય વસ્તુઓ વગેરે
- ચાલુ વર્ષમાં મોટાભાગના રાજયોમાં CPI-C મોંઘવારીમાં વધારો થયો હતો.
- જૂનથી ડિસેમ્બર, 2020 દરમિયાન તમામ રાજયો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં મોંઘવારી 3.2% થી 11% ના ગાળામાં હતી જે ગયા વર્ષમાં સમાન ગાળા દરમિયાન 0.3% થી 7.6% હતી.
- ખાદ્ય મોંઘવારી એ સંપૂર્ણ CPI-Cમાં વધારો કર્યો હતો જે માટે સૂચકકાંકમાં ખાદ્ય ચીજવસ્તુઓમાં પ્રમાણમાં વધારે ભાવ જવાબદાર છે.
- ખાદ્ય ચીજવસ્તુઓની કિંમતો સ્થિર જાળવવા માટે લેવામાં આવેલા પગલા:
  - ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ
  - ડુંગળીના સંગ્રહ પર મર્યાદા લાગુ કરવામાં આવી
  - કઠોળ–દાળ પર નિયંત્રણો હળવા કરાયા

## ઉદ્યોગ અને માળખાગત ક્ષેત્ર

- IIP ના આંકડાઓ પુષ્ટિ કરી છે કે દેશમાં આર્થિક પ્રવૃત્તિમાં V– આકારની રિકવરીમાં મજબૂત સુધારો થઈ રહ્યો છે.
- IIP અને આઠ મુખ્ય ઉદ્યોગોની કામગીરીના સૂંચકાંકો કોવિડ–પૂર્વે સ્તર પર પહોંચી ગયા છે.
- IIP માં વ્યાપક આધારે આવેલા સુધારાથી નવેમ્બર 2020માં – 1.9% વૃધ્ધિ થઈ હતી જે નવેમ્બર 2020 માં –57.% ટકાની તળિયે પહોંચી ગઈ હતી.
- આત્મનિર્ભર ભારત અભિયાન સાથે ભારતની GDP ના 15% જેટલું પ્રોત્સાહન પેકેજ જાહેર થયુ હતુ.
- વેપાર વાણિજય કરવાના રિપોર્ટ (DBR) મુજબ ભારતે વર્ષ 2019 માટે વેપારવાણિજયને સરળ કરવા (EODB) માં વર્ષ 2020 માં ભારતનો ક્રમ સુધારોને 63 મો હતો જે વર્ષ 2018 માં 77 મો હતો.
- ઉત્પાદન ક્ષેત્રની અંદર ઓટોમોબાઈલ, દૂર સંચાર,

મેટેલર્જિકલ, બિનપરંપરાગત ઊર્જા, રસાયણ (ખાતર સિવાય), ખાદ્ય પ્રસંસ્કરણ, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ જેવા ઉદ્યોગોને જંગી FDI મળ્યુ હતુ.

➤ સરકારે ભારતની ઉત્પાદન ક્ષમતા અને નિકાસને વધારવા માટે આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ 10 મુખ્ય ક્ષેત્રોમાં ઉત્પાદન સાથે સંબંધિત નાણાકીય મર્યાદાઓ સાથે સંબંધિત મંત્રાલયો તેનો અમલ કરશે.

➤ કુલ અંદાજીત રૂ.1.46 લાખ કરોડના ખર્ચ અને ક્ષેત્ર સાથે સંબંધિત નાણાકીય મર્યાદાઓ સાથે સંબંધિત મંત્રાલયો તેનો અમલ કરશે.

## સામાજિક માળખુ, રોજગારી અને માનવ વિકાસ

➤ ગયા વર્ષની તુલનામાં ચાલુ વર્ષ 2020–21 માં સામાજિક ક્ષેત્રનો સંયુકત (કેન્દ્ર અને રાજય સરકારો) ખર્ચ GDP ની ટકાવારી સ્વરૂપે વધ્યો છે.

➤ માનવ વિકાસ સૂચકાંકો (HDI) માં ભારતનું સ્થાન વિશ્વના કુલ 189 દેશોમાંથી વર્ષ 2019 માં 131 માં ક્રમનું હતુ.

➤ સરકારે આત્મનિર્ભર ભારત રોજગાર યોજના દ્વારા રોજગારી પ્રોત્સાહન આપવા તથા હાલની જુદી જુદી શ્રમ સંહિતાઓને ફકત 4 સંહિતાઓમાં તર્કબદ્ધ અને સરળ કરવાની પહેલ હાથ ધરી છે.

➤ વર્ષ 2018માં સરેરાશ આયુષ્ય 69.5 વર્ષથી વધીને વર્ષ 2019માં 69.7 વર્ષ થયુ છે.

➤ માર્ચ 2020માં જાહેર થયેલી PMGKP અંતર્ગત રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAR) હેઠળ હાલમાં વૃધ્ધ,વિધવા અને દિવ્યાંગો દરેક લાભાર્થીઓને રૂ.10,000 સુધીનું રોકડ હસ્તાંતરણ થયુ હતું

➤ પ્રધાનમંત્રી જન ધન યોજના અંતર્ગત મહિલા લાભાર્થીઓના બેંક ખાતાઓમાં ડિજિટલ માધ્યમ થકી ત્રણ મહિના સુધી દર મહિને રૂ.500 હસ્તાંતરણ કરવામાં આવ્યા હતા.

➤ 6085 કરોડ કુટુંબોને ટેકો આપતા 63 લાખ સ્વયં સહાય જૂથો માટે જામીનમુકત ધિરાણની મર્યાદા રૂ.10 લાખથી વધારીને રૂ.20 લાખ કરવામાં આવી છે.

➤ મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત ભથ્થુ રૂ.20 વધારીને રૂ.182 થી રૂ.202 કરવામાં આવ્યુ હતુ જેનો અમલ 1 એપ્રિલ 2020 થી થયો હતો.

## સતત વિકાસ અને આબોહવા પરિવર્તન

➤ ભારતે નીતિઓ,યોજનાઓ અને કાર્યક્રમોમાં પર્યાવરણને અનૂકૂળ વિકાસ લક્ષ્યાંકો (SDGS) ને પાર પાડવા કેટલાક સક્રિય પગલાઓ લિધા છે.

➤ સતત વિકાસ લક્ષ્યો(SDGS) માટે ભારત દ્વારા સંયુકત રાષ્ટ્ર ઉચ્ચસ્તરીય રાજનૈતિક મંચ (HLPG) સમક્ષ રજૂ કરવામાં આવતી સ્વૈચ્છિક રાષ્ટ્રીય સમીક્ષા (Voantary National Review-VNR)

➤ 2020 ના એજન્ડા અંતર્ગત લક્ષ્યો હાંસલ કરવા માટે કોઈપણ વ્યૂહરચનાનો અમલ કરવા SDGA- સતત વિકાસ લક્ષ્યોનું સ્થાનીકરણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે

➤ કેટલાક રાજયો / કેન્દ્રશાસિત પ્રદેશોએ SDGSનો અમલ કરવા માટે સંસ્થાગત માળખુ ઊભુ કર્યુ છે તથા શ્રેષ્ઠ સંકલન અને સમન્વય સ્થાપિત કરવા માટે જિલ્લા સ્તરે અને દરેક વિભાગની અંદર નોડલ વ્યવસ્થા પણ ઊભી કરી છે.

➤ બિનઅપેક્ષિત કોવિડ–19 રોગચાળાની કટોકટી આપી છતા ભારતની વિકાસલક્ષી વ્યૂહરચનામાં પર્યાવરણને અનુકૂળ વિકાસ હાર્દરૂપ બની રહ્યો છે.

➤ ભારતના રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત પ્રદાન (NDC) માં જણાવવામાં આવ્યુ છે કે, આબોહવા માં સકારાત્મક પરિવર્તન લાવવા માટે નાણા મહત્ત્વપૂર્ણ પ્રેરકબળ છે. એટલે દેશ પર્યાવરણ સંબંધિત લક્ષ્યાંકો તરફ અગ્રેસર હોવાથી ખાસ કરીને નાણાકીય બાબતો મહત્ત્વપૂર્ણ બની રહેશે.

➤ આબોહવા પરિવર્તન પર રાષ્ટ્રીય કાર્યયોજના (NAPCC) અંતર્ગત આઠ રાષ્ટ્રીય અભિયાનો આબોહવાના જોખમો પર સજ્જતા, તેની અસર ઘટાડવા અને વિવિધ ફેરફારોને સ્વીકારવાના ઉદ્દેશ્ય પર કેન્દ્રીત છે.

➤ વર્ષ 2020 સુધી COP26 ને મોકુફ રાખવાથી વાટાઘાટો માટે ઓછો મળશે અને વર્ષ 2025 ના લક્ષ્યાંકો જણાવવા માટે પુરાવા આધારિત અન્ય કામ માટે પણ ઓછો સમય પ્રાપ્ત થશે.

➤ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનની (ISA) બે નવી પહેલો, ' વર્લ્ડ' સોલાર બેંક ' અને ' વન સન,વન વર્લ્ડ, વન ગ્રીડ ' આંતરરાષ્ટ્રીય સ્તરે સૌર ઊર્જામાં ક્રાંતિ લાવવા સજ્જ છે.





# નાણાકીય વર્ષ 2021-2022નું ભારત સરકારનું અંદાજપત્ર

- 1 ફેબ્રુઆરી, 2021ના રોજ ભારતના નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી **શ્રીમતી નિર્મલા સીતારામને** નાણાકીય **વર્ષ 2021-22નું** ભારત સરકારનું સામાન્ય બજેટ રજૂ કર્યું હતું.

## બજેટની વિશેષતાઓ

- ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવેલું આ **ત્રીજું બજેટ** હતું.
- આ અગાઉ **જુલાઈ, 2019**ના રોજ તેમણે લોકસભામાં ભારતનું **વર્ષ 2019-20નું** બજેટ રજૂ કર્યું હતું. જે **પૂર્ણકાલીન મહિલા નાણામંત્રી** દ્વારા રજૂ થયેલું ભારતનું પ્રથમ બજેટ હતું.
- કેન્દ્રીય અંદાજપત્ર 2021-22 એ **નવા દાયકાનું** દેશનું પ્રથમ અંદાજપત્ર છે.
- પ્રથમ વખત આ બજેટની રજૂઆત **પેપરલેસ** રહી છે અને આ બજેટ **પ્રથમ વખત ડિજિટલ** રીતે રજૂ કરવામાં આવ્યું છે.
- નાણાપ્રધાન શ્રીમતી નિર્મલા સીતારામને ટેબ્લેટમાંથી તેમનું **110 મિનિટનું** ભાષણ વાંચ્યું હતું અને સાથે જ કોવિડ-19 મહામારીને ધ્યાનમાં રાખીને લોકસભાની બેઠક વ્યવસ્થામાં સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવામાં આવ્યું હતું.
- વર્ષ 2020-21નું બજેટ રજૂ કરતી વખતે નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને સંસદમાં આશરે **160 મિનિટ** લાંબી સ્પીચ આપી હતી જે અત્યાર સુધીની **સૌથી લાંબી બજેટ સ્પીચ** હતી.
- શ્રીમતી નિર્મલા સીતારામને આ વર્ષે લાલરંગના 'વહીખાતા'ને લઈને આવવાની પરંપરા જાળવી રાખી હતી. જોકે આ વખતે ફરક માત્ર એટલો હતો કે, એ લાલ બેગમાં કાગળોનું સ્થાન ટેબ્લેટે લીધું હતું.
- નાણાપ્રધાનશ્રીએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે રાષ્ટ્ર સર્વ પ્રથમ ખેડૂતોની આવક બમણી કરવા, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવા, સ્વસ્થ ભારત, સુશાસન, યુવાનો માટે તકો, સૌના માટે શિક્ષણ, મહિલા સશક્તિકરણ અને સહિયારો વિકાસ વગેરે જેવા સંકલ્પો પૂરા કરવા પ્રતિબદ્ધ છે.
- તે ઉપરાંત તેઓએ જણાવ્યું હતું કે ત્વરિત અમલીકરણના માર્ગ પર અંદાજપત્ર 2015-16ના એ 13 વચનોને પણ પ્રાધાન્યતા આપવામાં આવશે કે જેને દેશની સ્વતંત્રતાના **75માં વર્ષ** એટલે કે વર્ષ **2022ના અમૃત મહોત્સવ** દરમિયાન પૂરા કરવામાં આવશે. આ તમામ વચનો આત્મનિર્ભરતાની દૂરંદેશીને અનુરૂપ જ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્ષ 2021-22ના અંદાજપત્રના પ્રસ્તાવો 6 સ્તંભો પર આધારિત છે

1 આરોગ્ય અને સુખાકારી

2 ભૌતિક અને નાણાકીય મૂડી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર

3 મહત્વાકાંક્ષી ભારત માટે સહિયારો વિકાસ

4 માનવ મૂડીને ફરી ઉર્જાવાન બનાવવી

5 આવિષ્કાર અને સંશોધનમાં વિકાસ

6 લઘુત્તમ સરકાર અને મહત્તમ સુશાસન

## 1. આરોગ્ય અને સુખાકારી

- આરોગ્ય સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓના રોકાણમાં નોંધનીય વૃદ્ધિ કરવામાં આવી છે. અને વર્ષ 2021-22ના બજેટમાં સ્વાસ્થ્ય અને સુખાકારી માટે અંદાજપત્રનો ખર્ચ <u>રૂ. 2,23,846</u> કરોડ જાહેર કરવામાં આવ્યો છે. જે અગાઉ બજેટના અનુમાન રૂ. 94, 452 કરોડ કરતાં <u>137%નો</u> વધારો દર્શાવે છે. નાણામંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે, <u>6 વર્ષમાં</u> લગભગ **<u>64, 180 કરોડ રૂપિયાના</u>** ખર્ચ વાળી એક નવી કેન્દ્ર દ્વારા પુરસ્કૃત યોજના **<u>'પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના'</u>**નો પ્રારંભ કરવામાં આવશે. તેનાથી પ્રાથમિક, દ્વિતીયક અને તૃતીયક કે સ્વાસ્થ્ય પ્રણાલીઓની ક્ષમતામાં વિકાસ થશે અને વર્તમાન રાષ્ટ્રીય આરોગ્ય સંસ્થાઓ મજબૂત થશે તેમજ નવી સંસ્થાઓના સર્જનમાં પણ મદદ મળશે.
- આ બધાની મદદથી નવી અને ઉભરતી બીમારીઓની ઓળખ તેમજ તેના ઈલાજમાં ઘણી સરળતા રહેશે.
- પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજનાએ **<u>'રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન'</u>**થી અલગ યોજના રહેશે.
- કેન્દ્ર સરકારે સ્વાસ્થ્ય પ્રત્યે મુખ્યત્વે **<u>ત્રણ બાબતો</u>** પર ભાર મૂકયો છે જેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

  <u>1. Preventive</u> (અટકાવનાર) <u>2. Curative</u> (રોગનિવારક) <u>3. Well being</u> (સુખાકારી)
- 'પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના' અંતર્ગત કરવામાં આવનારા મુખ્ય ઉપાયો નીચે મુજબ છે :

  (1) 17, 788 ગ્રામીણ અને 11, 024 શહેરી સ્વાસ્થ્ય અને સુખાકારી કેન્દ્રો માટે આવશ્યક સહાયતા આપવામાં આવશે.

  (2) <u>11 રાજ્યોના</u> તમામ જિલ્લાઓ અને <u>3,382 તાલુકાઓમાં</u> સાર્વજનિક આરોગ્ય એકમોમાં એકીકૃત સાર્વજનિક સ્વાસ્થ્ય પ્રયોગશાળાઓ સ્થાપિત કરવામાં આવશે.

  (3) ભારતના 602 જિલ્લાઓ અને 12 કેન્દ્રીય સંસ્થાઓમાં ગંભીર બીમારીની સારવાર સંબંધિત હોસ્પિટલ બ્લોક સ્થાપિત કરવામાં આવશે.

  (4) રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર (NCDC)ની પાંચ ક્ષેત્રીય શાખાઓ અને 20 મહાનગરોમાં આવેલા આરોગ્ય દેખરેખ એકમોને મજબૂત કરવામાં આવશે.

  (5) તમામ સાર્વજનિક આરોગ્ય લેબોરેટરીઓને એકબીજા સાથે જોડવા માટે એકીકૃત સ્વાસ્થ્ય સૂચના માહિતી પોર્ટલનું વિસ્તરણ તમામ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોમાં કરવામાં આવશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(6) 32 હવાઇમથકો, 11 સમુદ્રી બંદરો અને 7 લેન્ડ ક્રોસિંગ પર 17 નવા સાર્વજનિક આરોગ્ય એકમો શરૂ કરવામાં આવશે અને 33 વર્તમાન સાર્વજનિક આરોગ્ય એકમોને મજબૂત બનાવવામાં આવશે.

(7) 15 સ્વાસ્થ્ય આપાતકાલીન ઓપરેશન કેન્દ્રો અને 2 મોબાઇલ હોસ્પિટલોની સ્થાપના કરવામાં આવશે.

(8) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના અભિગમ એવા 'વન હેલ્થ' માટે એક રાષ્ટ્રીય સંસ્થા તેમજ WHOના દક્ષિણ–પૂર્વ એશિયાઇ ક્ષેત્ર માટે એક ક્ષેત્રીય સંશોધન પ્લેટફોર્મની જોગવાઈ પણ આ નવી યોજના અંતર્ગત કરવામાં આવી છે. તેમજ 9 બાયો-સેફ્ટી લેવલ III લેબોરેટરીઓ અને 4 રિજનલ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ્સ ફોર વાયરોલોજી પણ સ્થાપવામાં આવશે.

**ICE FACT**

- **રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન (NHM) :** ભારતમાં રહેલા કુપોષણના સંકટને દૂર કરવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકાર દ્વારા 'રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશનની' શરૂઆત કરવામાં આવી હતી. આ મિશનની શરૂઆત વર્ષ 2013માં કરવામાં આવી હતી અને તેનો અમલ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશનના મુખ્ય 4 ઘટકો છે જે નીચે મુજબ છે:

1. નેશનલ રૂરલ હેલ્થ મિશન
2. નેશનલ અર્બન હેલ્થ મિશન
3. તૃતીય સંભાળ કાર્યક્રમો
4. આરોગ્ય અને તબીબી શિક્ષણ માટે માનવ સંસાધન

- **વન હેલ્થ :** 'વન હેલ્થ'એ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનો એક અભિગમ છે જેના અંતર્ગત તે વધુ સારા આરોગ્યને લગતા પરિણામ મેળવવા માટે પ્રોગ્રામ્સ, નીતિઓ, કાયદાઓ તેમજ સંશોધનના અમલીકરણ માટે બહુવિધ ક્ષેત્રો સાથે સંવાદ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રસીઓ

- વર્ષ 2021-22ના કેન્દ્રીય અંદાજપત્ર અંતર્ગતમાં COVID-19 રસી માટે 35,000 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતમાં તૈયાર કરવામાં આવેલી 'ન્યુમોકોકલ વેક્સિન' હાલમાં પાંચ રાજ્ય પૂરતી સીમિત છે તેને દેશભરમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેનો ઉદ્દેશ દર વર્ષે 50,000 બાળકોનું જીવન બચાવવાનો છે.

## પોષણ

- પોષકતત્વોને પ્રોત્સાહન આપવાની સાથે સાથે તેની ડિલિવરી, પહોંચ અને પરિણામને વધુ સુદઢ બનાવવા માટે સરકાર 'પૂરક પોષણ કાર્યક્રમ' અને 'પોષણ અભિયાન'નું એકબીજામાં વિલિનીકરણ કરી 'મિશન પોષણ 2.0'નો પ્રારંભ કરશે.

**ICE FACT**

- **મિશન પોષણ 2.0 :** મિશન પોષણ 2.0 અંતર્ગત 112 મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં પોષણના પરિણામો સુધારવા માટે વિવિધ વ્યૂહરચનાઓ અપનાવવામાં આવશે. પોષણ અભિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજસ્થાનના ઝૂનઝૂનું ખાતેથી 8 માર્ચ, 2018ના રોજ લોન્ચ કર્યું હતું.
- POSHAN નું પૂરું નામ 'Prime minister's oveararching scheme for Holistic Nutrition' છે.
- આ મિશનનો હેતુ 0–6 વર્ષના બાળકો, કિશોરીઓ, સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓની પોષણ સ્થિતિમાં સુધારો કરવાનો છે.

### ICE FACT

**પૂરક પોષણ કાર્યક્રમ :**

- ‘પૂરક પોષણ કાર્યક્રમ’ને સંકલિત બાળ વિકાસ સેવા (ICDS) અંતર્ગત સંચાલિત કરવામાં આવે છે.
- આ કાર્યક્રમ અંતર્ગત બાળકો અને મહિલાઓ માટેની વિવિધ પોષણ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## પાણી પુરવઠાનું સાર્વત્રિક કવરેજ




- નાણામંત્રીશ્રીએ કેન્દ્રીય બજેટમાં જાહેરાત કરી હતી કે, 2.86 કરોડ ઘરોમાં નળના જોડાણો અને સાથે સાથે તમામ 4,378 શહેરી સ્થાનિક એકમોમાં સાર્વત્રિક પાણી પુરવઠા માટે ‘જળ જીવન મિશન (શહેરી)’નો પ્રારંભ કરવામાં આવશે.
- તેમજ 500 AMRUT શહેરોમાં પ્રવાહી કચરા વ્યવસ્થાપનની જોગવાઈ કરવામાં આવી છે. તેને આગામી પાંચ વર્ષમાં રૂપિયા 2,87,000 કરોડના ખર્ચ સાથે કાર્યાન્વિત કરવામાં આવશે.

## સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત

‘સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત’ની મદદથી શહેરોને વધુ સ્વચ્છ, પ્લાસ્ટિક મુકત તેમજ વાયુ પ્રદૂષણ મુકત બનાવવામાં મદદ મળશે.

- આ ઉપરાંત, 2021-2026 દરમિયાન પાંચ વર્ષમાં રૂપિયા 1,41,678 કરોડની કુલ આર્થિક ફાળવણી સાથે ‘શહેરી સ્વચ્છ ભારત મિશન 2.0ને’ કાર્યાન્વિત કરવામાં આવશે.
- હવાના પ્રદૂષણની ગંભીર સમસ્યાનો સામનો કરવા માટે સરકારે આ અંદાજપત્રમાં 10 લાખથી વધારે વસ્તી ધરાવતા હોય તેવા 42 શહેરી કેન્દ્રો માટે રૂપિયા 2,217 કરોડની રકમ ઉપલબ્ધ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.
- જૂના અને બિન ઉપયોગી થઈ ગયેલા વાહનોને તબક્કાવાર હટાવવા માટે એક ‘સ્ક્રેપનીતિ’ની જાહેરાત પણ આ બજેટમાં કરવામાં આવી છે.
- આ નવી યોજના અંતર્ગત ખાનગી વાહનોના મામલે 20 વર્ષ પછી અને વ્યાપારિક વાહનોના મામલે 15 વર્ષ પછી સ્વયંચાલિત ફિટનેસ પરીક્ષણ કરાવવા માટે લોકોને જવાની દરખાસ્ત મૂકવામાં આવી છે.

### ICE FACT

**જળ જીવન મિશન (શહેરી) :**

- ટકાઉ વિકાસ લક્ષ્ય–6 અંતર્ગત તમામ ઘરોમાં પાણી પુરવઠાનું સાર્વત્રિક કવરેજ પૂરૂ પાડવા માટે કેન્દ્રીય બજેટ 2021–22માં જળ જીવન મિશન (શહેરી)નું પ્રાવધાન કરવામાં આવ્યું છે.
- જળ જીવન મિશન (ગ્રામીણ) અંતર્ગત વર્ષ 2024 સુધીમાં ફંકશનલ હાઉસ હોલ્ડ ટેપ કનેકશન (FHTC) દ્વારા પ્રત્યેક ગ્રામીણ ઘરોમાં વ્યક્તિદીઠ દરરોજ 55 લિટર પાણી પુરવઠો પહોંચાડવામાં આવશે.

**AMRUT યોજના :**

- AMRUTનું પૂરૂંનામ ‘અટલ મિશન ફોર રીજ્યુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન’ છે.
- આ યોજનાને જૂન 2015માં લોન્ચ કરવામાં આવી હતી.
- આ યોજના કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય અંતર્ગત કાર્યરત છે.
- આ યોજનાનો હેતુ દરેક ઘર સુધી ગટર જોડાણ અને પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 2. ભૌતિક અને નાણાંકીય મૂડી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર

### આત્મનિર્ભર ભારત : ઉત્પાદન સાથે સંકળાયેલી પ્રોત્સાહન યોજના

- ભારતને 5 ટ્રિલિયન ડોલર નું અર્થતંત્ર બનાવવા માટે દેશના વિનિર્માણ ક્ષેત્રએ આવતા વર્ષોમાં સતત બે આંકડામાં વૃદ્ધિ દર પ્રાપ્ત કરવો પડશે.
- આના માટે વિનિર્માણ કંપનીઓમાં અત્યાધુનિક ટેકનોલોજી વધારવાના હેતુ થી 13 ક્ષેત્રોમાં PLI યોજનાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે સરકારે આવનારા પાંચ વર્ષમાં લગભગ 1.97 લાખ કરોડ રૂપિયાના ખર્ચની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે, જેની શરૂઆત નાણાકીય વર્ષ 2021-22માંથી કરવામાં આવશે.

**ICE FACT**

**PLI સ્કીમ :**

- PLIનું પૂરૂં નામ **'Production – linked Incentive'** સ્કિમ છે.
- PLI એ એક આઉટપુટલક્ષી યોજના છે જેમાં નિર્માતા / ઉત્પાદક કોઈ સામાનનું ઉત્પાદન કરે છે તો તેને તેના ઉત્પાદન પર પ્રોત્સાહક રાશિ ચૂકવવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત ઉત્પાદકોને **પાંચથી સાત વર્ષ માટે રોકડ પ્રોત્સાહન** આપવામાં આવે છે.
- તેમાં વિનિર્માણ ક્ષેત્રો જેવા કે ઓટોમોબાઈલ, નેટવર્કિંગ ઉત્પાદનો, ફૂડ પ્રોસેસિંગ, અત્યાધુનિક રસાયણ ઉદ્યોગો વગેરેનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




### કાપડ ક્ષેત્ર

- કાપડ ઉદ્યોગને વૈશ્વિક સ્તર પર હરીફાઈમાં લઈ જવા માટે, મોટા પાયે રોકાણ ને આકર્ષિત કરવા અને રોજગારીના સર્જનને પ્રોત્સાહન આપવા માટે PLI યોજના ઉપરાંત **'મેગા ઇન્વેસ્ટમેન્ટ ટેક્સટાઇલ પાર્ક્સ (MITRA)'** નામની યોજનાનો પ્રારંભ કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત આગામી **3 વર્ષમાં 7 ટેક્સટાઈલ પાર્ક** સ્થાપિત કરવામાં આવશે.

### ઈન્ફ્રાસ્ટ્રક્ચર

- કેન્દ્રીય નાણામંત્રીશ્રી દ્વારા ડિસેમ્બર 2019માં જાહેર કરવામાં આવેલી **'નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન (NIP)'** પોતાની રીતે એક અનોખી અને સંપૂર્ણપણે સરકારી પહેલો પર આધારિત યોજના છે.
- ત્યારે 6,835 પરિયોજનાઓ માટે NIPની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં હવે **કુલ 7,400 પરિયોજનાઓનો** સમાવેશ કરવામાં આવ્યો છે.

### ICE FACT

**નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઈન (NIP) :**

- નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન અંતર્ગત આર્થિક અને સામાજિક માળખાગત પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.
- તેના અંતર્ગત માળખાગત સુવિધાઓ જેવી કે ઉર્જા, રસ્તાઓ, શહેરો, રેલવે વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.
- NIPના વિકાસની મદદથી રોજગારીનું સર્જન, જીવનનિર્વાહમાં સરળતા તેમજ બધા માટે માળખાગત સુવિધાઓમાં વધારો કરવામાં મદદ મળશે.

## ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઇનાન્સિંગ-વિકાસ નાણા સંસ્થા (DFI)

- કેન્દ્રીય નાણામંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે લાંબાગાળાની ધિરાણ નાણા પોષણની આવશ્યકતા છે જેના માટે વિકાસ નાણાં સંસ્થા (DFI)ની સ્થાપના કરવા માટે આવનારા સમયમાં **એક ખરડો** લાવવામાં આવશે.
- વિકાસ નાણાં સંસ્થા (DFI)થી લાભ ઉઠાવવા માટે કેન્દ્રીય અંદાજપત્રમાં રૂપિયા 20,000 કરોડની રકમની જોગવાઈ કરવામાં આવી છે. આ DFI માટે ત્રણ વર્ષમાં ઓછામાં ઓછા પાંચ લાખ કરોડ રૂપિયાના ધિરાણ પોર્ટફોલિયો સુનિશ્ચિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

### ICE FACT

**વિકાસ નાણા સંસ્થા (Development finance institute) :**

- વિકાસ નાણાં સંસ્થાએ ખાસ કરીને વિકાસશીલ દેશોમાં વિકાસના પ્રોજેક્ટ માટે નાણાં પ્રદાન કરવા માટે સ્થાપવામાં આવેલી ખાસ સંસ્થાઓ છે.
- DFI સામાન્ય રીતે કેન્દ્ર સરકારોની માલિકી હેઠળ કાર્યરત હોય છે.
- આ પ્રકારની બેંકો માટે મૂડીનો સ્ત્રોત રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય વિકાસ ભંડોળ હોય છે.
- વિકાસ નાણાં સંસ્થા અર્થવ્યવસ્થાના નોંધપાત્ર ક્ષેત્રોમાં નાણાકીય મદદ પ્રદાન કરે છે.
- ભારતમાં પ્રથમ DFI ઇન્ડસ્ટ્રીયલ ફાઈનાન્સિયલ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (IFCI)ની સ્થાપના વર્ષ 1948માં કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અસ્ક્યામતોનું મુદ્રીકરણ (Monetization)

- અગાઉની જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અસ્કયામતોનું મુદ્રીકરણ નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે એક અત્યંત મહત્વપૂર્ણ નાણાકીય વિકલ્પ છે. તેમજ એક **'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઇપલાઇન'** શરૂ કરવામાં આવશે.
- આ દિશામાં થઈ રહેલી પ્રગતિ પર નજીકથી નજર રાખનારાઓ અને રોકાણકારોને અવગત કરાવવા માટે એક **અસ્કયામત મુદ્રીકરણ ડેશબોર્ડ** પણ તૈયાર કરવામાં આવશે.
- મુદ્રીકરણ (monetization)ની દિશામાં કેટલાક મહત્વપૂર્ણ ઉપાયો નીચે ઉલ્લેખ કર્યા અનુસાર છે :
  - a. ભારતીય ધોરીમાર્ગ સત્તામંડળ (NHAI) અને PGCIL (પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) બન્નેએ એક–એક ઈનવિટને સ્પોન્સર કર્યો છે. જે વિદેશી અને ઘરેલું સંસ્થાગત રોકાણકારો ને આકર્ષિત કરશે.
  - b. રેલવે સમર્પિત ફ્રેટ કોરીડોરનો ઉપયોગ કર્યા પછી પરિચાલન અને જાળવણી માટે તેની અસ્કયામતોનું મુદ્રીકરણ કરવામાં આવશે.
  - c. અસ્કયામત મુદ્રીકરણ કાર્યક્રમ અંતર્ગત અમલમાં આવનારી કેટલીક મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અસ્કયામતો આ પ્રમાણે છે:


(I) NHAI દ્વારા શરૂ કરવામાં આવેલા ટોલ રોડ
(II) PGCIL ની ટ્રાન્સમિશન અસ્કયામતો
(III) GAIL, IOCL અને HPCL ની ઓઇલ અને ગેસની પાઈપલાઈનો
(IV) ટિઅર –2 અને ટિયર – 3 શહેરોમાં આવેલા એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI ) ના હવાઈ મથકો
(V) રેલવેની અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર અસ્કયામતો
(VI) CPSE જેવા કેન્દ્રીય ગોદામ નિગમ, NAFED વગેરેની ગોદામ અસ્કયામતો અને
(VII) રમતગમતના સ્ટેડિયમ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE FACT

(1) NAFEDનું પૂરુંનામ 'નેશનલ એગ્રીકલ્ચરલ કો–ઓપરેટિવ માર્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ' છે.
(2) GAILનું પૂરું નામ '<u>ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ</u>' છે.
(3) IOCLનું પૂરું નામ '<u>ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ</u>' છે.
(4) HPCLનું પૂરું નામ '<u>હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ</u>' છે.
(5) CPSEનું પૂરું નામ '<u>સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસ</u>' છે.




## માર્ગો અને ધોરીમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રકચર

- નાણામંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે રૂપિયા 5.35 લાખ કરોડના ખર્ચની '<u>ભારતમાલા પરિયોજના</u>' અંતર્ગત રૂપિયા 3.3 લાખ કરોડના ખર્ચથી 13,000 કિલોમીટરથી વધારે લંબાઈના માર્ગોનુ નિર્માણ કરવાના કોન્ટ્રાકટ પહેલાથી જ આપી દેવામાં આવ્યા છે. જેમાંથી 3,800 કિ.મી.ના માર્ગોનું નિર્માણ થઇ ચૂક્યું છે.
- માર્ચ 2022 સુધીમાં સરકાર 8500 કિલોમીટર લંબાઈના માર્ગોના નિર્માણ માટે કોન્ટ્રાકટ આપશે. આ સાથે જ સરકાર 11,000 કિલોમીટર લંબાઈના રાષ્ટ્રીય ધોરીમાર્ગ કોરિડોરનું નિર્માણ પૂરૂં કરશે.
- આ બજેટ અંતર્ગત <u>માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય</u> માટે 1,18,101 લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.
- તમિલનાડુમાં 3500 કિલોમીટરની લંબાઈનાં રાજમાર્ગો નિર્માણ કરવા માટે 1.03 લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- કેરળમાં 1100 કિલોમીટર લંબાઈ ધરાવતા રાષ્ટ્રીય રાજમાર્ગનું નિર્માણ કરવા રૂ.65,000 કરોડનું રોકાણ કરવામાં આવશે.
- પશ્ચિમ બંગાળમાં 675 કિલોમીટરના રાષ્ટ્રીય રાજમાર્ગો માટે રૂ. 25000 કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે.
- આસામમાં આગામી 3 વર્ષમાં 1,300 કિલોમીટરના રાષ્ટ્રીય રાજમાર્ગનું કામ હાથ ધરવા માટે રૂપિયા 34,000 કરોડ ફાળવવામાં આવશે.

- અમૃતસર–જામનગર માર્ગનું 2021-22માં નિર્માણકાર્ય શરૂ કરવામાં આવશે.
- તમામ નવા 4 અને 6 લેન રાજમાર્ગોમાં અદ્યતન ટ્રાફિક વ્યવસ્થાપનની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં સ્પીડ રડાર, વેરિએબલ મેસેજ સાઈન બોર્ડ તેમજ GPS સક્ષમ રિકવરીવાન શરૂ કરવામાં આવશે.

**ICE FACT**

**ભારતમાલા પરિયોજના**

- ભારતમાલા પરિયોજના કેન્દ્ર સરકાર દ્વારા 31 જુલાઇ, 2015ના રોજ શરૂ કરવામાં આવી હતી.
- તે મિનિસ્ટ્રી ઓફ રોડ, ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ અંતર્ગત કાર્યરત યોજના છે.
- ભારતમાલા પરિયોજના એ રાજમાર્ગ ક્ષેત્રનો છત્ર કાર્યક્રમ છે.
- ભારતમાલા પરિયોજના ના તબક્કા–1માં વર્ષ 2017 થી 2022 સુધીમાં 34,800 કિ.મી.ના રાષ્ટ્રીય ધોરીમાર્ગો વિકસાવવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.
- આ માટે અંદાજીત રૂ. 5,35,000 કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- આ યોજનાના બીજા તબક્કામાં વર્ષ 2024 સુધીમાં આશરે 48000 કિલોમીટરનો માર્ગ નેટવર્ક સ્થાપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચર

- કેન્દ્રીય બજેટ 2021-22 અંતર્ગત ભારતીય રેલવેને કુલ રૂપિયા 1,10,055 કરોડની ફાળવણી કરવામાં આવી છે. ભારતીય રેલવે દ્વારા એક 'રાષ્ટ્રીય રેલ યોજના 2030' તૈયાર કરવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત વર્ષ 2030 સુધીમાં 'ભવિષ્ય માટે તૈયાર' રેલવે તંત્રનું સર્જન કરવાનું છે.
- પશ્ચિમી સમર્પિત નૂર કોરીડોર (WDFC) અને પૂર્વીય સમર્પિત નૂર કોરિડોર (EDFC) જૂન, 2022 સુધીમાં તૈયાર થઈ જવાની શક્યતાઓ છે.
- ડિસેમ્બર, 2023 સુધીમાં બ્રોડગેજ રૂટોનું 100% વિદ્યુતીકરણ કરવામાં આવશે.
- મુસાફરોની સુવિધા અને સુરક્ષા માટે નીચે ઉલ્લેખ કર્યા અનુસાર ઉપાયોનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે :




a. મુસાફરોને બહેતર મુસાફરીનો અનુભવ પૂરો પાડવા માટે પ્રવાસી રૂટસ પર દેખાવમાં આકર્ષક ડિઝાઈન કરવામાં આવેલા વિસ્ટાડોમ LHB (લિંક હોફમેન બશ) કોચનો પ્રારંભ કરવામાં આવશે.

b. ભારતીય રેલવેના ઉચ્ચ ગીચતા ધરાવતા નેટવર્ક અને ઉચ્ચ ઉપયોગમાં લેવામાં આવતા નેટવર્ક રૂટોને સ્વદેશમાં તૈયાર કરવામાં આવેલી સ્વયંચાલિત ટ્રેન સંરક્ષણ પ્રણાલી આપવામાં આવશે. જે માનવીય ભૂલોના કારણે થતા ટ્રેન અકસ્માતની સમસ્યાઓને ઓછી કરવામાં મદદરૂપ થશે.

**ICE FACT**

**વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર (WDFC) :**


- વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર એ ભારતીય રેલવે દ્વારા સંચાલિત એક બ્રોડગેજ ફ્રેટ કોરિડોર છે. જેની મદદથી માલનું ઝડપથી પરિવહન થઈ શકે છે.
- તે ભારતની રાજધાની નવી દિલ્હીને ભારતના આર્થિક હબ નવી મુંબઈ સાથે જોડે છે.

- આ કોરિડોર અંતર્ગત ઉત્તરપ્રદેશ, દિલ્હી NCT, હરિયાણા, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજ્યનો સમાવેશ થાય છે. તેમજ કુલ 1,483 કિ.મી.માં આ કોરિડોર વિસ્તરેલ છે.

**ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર (EDFC) :**

- EDFC એ ઉત્તર ભારતને પૂર્વ ભારત સાથે જોડે છે.
- આ કોરિડોર અંતર્ગત લુધિયાણા (પંજાબ) થી દંકુણી (પશ્ચિમ બંગાળ) નું જોડાણ થશે.
- આ કોરિડોર પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, અને પશ્ચિમ બંગાળ રાજ્યમાં ફેલાયેલ છે.
- આ કોરિડોર કુલ 1,839 કિ.મી.માં વિસ્તૃત થયેલ છે.

## શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર




- સાર્વજનિક બસ પરિવહન સેવાઓના વિસ્તરણ માટે આવશ્યક સહયોગ આપવાના ઉદ્દેશથી રૂપિયા 18,000 કરોડના ખર્ચે એક નવી યોજનાનો પ્રારંભ કરવામાં આવશે.
- વર્તમાનમાં કુલ 700 કિલોમીટર લંબાઈમાં મેટ્રો કાર્યાન્વિત છે અને 27 શહેરોમાં 1,016 કિલોમીટર મેટ્રો અને RRTS નિર્માણનું કાર્ય હાલમાં ચાલી રહ્યું છે.
- ટીઅર–1 અને ટીઅર–2 શહેરોની આસપાસના વિસ્તારોમાં ઓછા ખર્ચે મેટ્રો જેવો જ અનુભવ, સુવિધા અને સુરક્ષાયુક્ત મેટ્રો રેલ પ્રણાલીઓ ઉપલબ્ધ કરવા માટે બે નવી ટેકનોલોજી 'મેટ્રોલાઈટ' અને 'મેટ્રોનીયો' લાગુ કરવામાં આવશે.

**ICE FACT**

- RRTS નું પૂરુંનામ 'રીજનલ રેપીડ ટ્રાન્ઝીટ સિસ્ટમ' છે.
- મેટ્રોલાઈટ : મેટ્રોલાઈટ એ એક પ્રકારની લાઇટ રેલ અર્બન ટ્રાન્ઝિટ સિસ્ટમ છે જેમાં ટ્રામ અને મેટ્રો સુવિધાઓનું સંયોજન જોવા મળે છે.
- તે મેટ્રોલાઈન કરતા ઓછા ખર્ચે અને ઓછા મુસાફરો માટે ઉપયોગી થઇ શકે છે.

## વીજળી ઈન્ફ્રાસ્ટ્રક્ચર

- છેલ્લા 6 વર્ષમાં વધારાના 139 ગીગાવોટ સ્થાપિત ક્ષમતા સાથે વીજળીક્ષેત્રમાં સંખ્યાબંધ સુધારા કરવામાં આવ્યા છે અને સિદ્ધિઓ પણ પ્રાપ્ત થઈ છે. તે સાથે જ 2.8 કરોડ ઘરોમાં વીજળીના જોડાણો આપવા ઉપરાંત 1.41 લાખ સર્કિટ કિલોમીટર ટ્રાન્સમિશન લાઈનોનું નેટવર્ક સ્થાપવામાં આવ્યું છે.
- ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓની વ્યવહારૂતા અંગે ગંભીર ચિંતા દર્શાવીને નાણામંત્રીશ્રીએ 5 વર્ષમાં રૂપિયા 3,05,984 કરોડના ખર્ચ સાથે સુધારાઓ પર આધારિત અને પ્રદર્શન સંબંધિત વિદ્યુત વિતરણ ક્ષેત્ર યોજના રજૂ કરવાનો પ્રસ્તાવ મૂકયો છે.




## બંદરો, જહાજ અને જળમાર્ગો

- નાણાકીય વર્ષ 2021–22માં પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ મોડેલ પર આધારિત મોટા બંદરોને રૂપિયા 2,000 કરોડથી વધુ રકમ આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.
- ભારતમાં વ્યાપારિક જહાજોના આવાગમનને પ્રોત્સાહન આપવા માટે એક યોજનાનો પ્રારંભ કરવામાં આવશે જે અંતર્ગત મંત્રાલયો અને CPSE દ્વારા બહાર પાડવામાં આવેલા વૈશ્વિક ટેન્ડરોમાં ભારતીય શિપિંગ કંપનીઓને સબસીડીના માધ્યમથી સમર્થન આપવામાં આવશે. આ માટે, 5 વર્ષ દરમિયાન રૂપિયા 1,624 કરોડની રકમ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## પેટ્રોલિયમ અને કુદરતી વાયુ

- નાણામંત્રીએ જણાવ્યું હતું કે સરકારે COVID-19ના લોકડાઉનના સમયગાળા દરમિયાન સમગ્ર દેશમાં ઈંધણનો પુરવઠો વિના અવરોધે પહોંચી શકે તે સુનિશ્ચિત કર્યું હતું. આ ક્ષેત્રનાં મહત્વને ધ્યાનમાં રાખીને નીચે ઉલ્લેખ કરવામાં આવેલી મુખ્ય પહેલોની જાહેરાત કરવામાં આવી છે :

a. **પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો** લાભ **અગાઉ 8 કરોડ પરિવારને મળી** ચૂકયો છે. અને હવે વધારાના 1 કરોડ લાભાર્થીઓ સુધી તેમનું વિસ્તરણ કરવામાં આવશે.
b. આવનારા 3 વર્ષ દરમિયાન શહેરી ગેસ વિતરણ નેટવર્કમાં વધારાના 100 શહેરોને જોડવામાં આવશે.
c. જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ વિસ્તારમાં એક ગેસ પાઈપલાઈન પરિયોજનાનો પ્રારંભ કરવામાં આવશે.
d. એક સ્વતંત્ર ગેસ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ ઓપરેટરની સ્થાપના કરવામાં આવશે.

- ગ્રીન ઊર્જાના સ્ત્રોતોની મદદથી હાઈડ્રોજન ઉત્પાદન માટે 2021–22માં હાઈડ્રોજન મિશન શરૂ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાણાકીય મૂડી

- નાણામંત્રીશ્રીએ **SEBI અધિનિયમ, 1992, ડિપોઝિટરીઝ અધિનિયમ 1996, સિક્યુરિટી કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) અધિનિયમ, 1956** અને **સરકારી સિક્યુરિટીઝ અધિનિયમ 2007**ની જોગવાઈઓને **એકલ સિક્યુરિટીઝ બજાર સંહિતામાં** સંમિલિત કરવાનો પ્રસ્તાવ મૂકયો છે.
- કેન્દ્ર સરકારે ગાંધીનગર સ્થિત GIFT – IFSCમાં એક વિશ્વસ્તરીય ફિનટેક હબનો વિકાસ કરવાને સમર્થન કર્યું છે.

### ICE FACT

- GIFT નુ પુરૂંનામ **'ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક્-સિટી'** છે.
- તે ગુજરાતના **ગાંધીનગર** ખાતે આવેલું છે.

## વીમા ક્ષેત્રમાં FDIની વૃદ્ધિ

- અંદાજપત્ર 2021–22 અંતર્ગત **વીમા ક્ષેત્રમાં સ્વીકાર્ય FDI**ની મર્યાદા 49%થી વધારીને 74% સુધી લઈ જવા માટે અને આવશ્યક સુધારા સાથે વિદેશી માલિકી અને નિયંત્રણની મંજૂરી આપવા માટે **વીમા અધિનિયમ 1938**માં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

- નવા માળખા અંતર્ગત બોર્ડમાં ઓછામાં ઓછા 50% રોકાણકારો સ્વતંત્ર ડાયરેક્ટર હોવાથી મોટાભાગના ડાયરેક્ટર અને મેનેજમેન્ટ સાથે સંકળાયેલા મહત્વપૂર્ણ લોકો ભારતીય રહેશે અને નફામાં એક નિશ્ચિત હિસ્સો સામાન્ય રીતે અનામત ભંડોળ તરીકે અલગ રાખી મૂકવામાં આવશે.
- નાણામંત્રીશ્રીએ જમા વીમા કવર 1 લાખ રૂપિયાથી વધારીને 5 લાખ રૂપિયા કરવાની મંજૂરી આપી છે.

## ડિસઈન્વેસ્ટમેન્ટ અને વ્યૂહાત્મક વેચાણ (Disinvestment and Strategic Sale)

- COVID–19ની પરિસ્થિતિ હોવા છતાં પણ કેન્દ્ર સરકારે વ્યૂહાત્મક રીતે ડિસઈન્વેસ્ટમેન્ટનું કામ ચાલુ રાખ્યું છે.
- નાણામંત્રીશ્રીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2021-22 દરમિયાન BPCL, ઇન્ડિયા શિપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, કન્ટેનર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, IDBI બેંક BEML, પવન હંસ અને નીલાંચલ ઇસ્પાત નિગમ લિમિટેડ સહિત જાહેર ક્ષેત્રના બીજા ઘણા સાહસોનું ડિસઈન્વેસ્ટમેન્ટ પૂરૂં કરવામાં આવશે.
- કેન્દ્ર સરકારે IDBI ઉપરાંત અન્ય બે જાહેર ક્ષેત્રની બેંકો અને એક જનરલ ઈન્શ્યોરન્સ કંપનીનું ખાનગીકરણ વર્ષ 2021–22માં પૂરું કરવાનો પ્રસ્તાવ મૂકયો છે.
- કેન્દ્ર સરકાર 2021- 2022માં જીવન વીમા નિગમનો IPO લાવશે.
- ડિસઈન્વેસ્ટમેન્ટની નીતિને વેગ આપવા માટે નીતિ આયોગ કેન્દ્રીય જાહેરક્ષેત્રની કંપનીઓની યાદી તૈયાર કરશે જેનું વ્યૂહાત્મક ડિસઈન્વેસ્ટમેન્ટ કરવામાં આવશે.
- કેન્દ્ર સરકારે અંદાજપત્ર અનુમાન 2020–21માં ડિસઇન્વેસ્ટમેન્ટ દ્વારા રૂપિયા 1,75,000 હજાર કરોડ મળવાની આશા વ્યક્ત કરી છે.

**ICE FACT**

(1) BPCLનું પૂરું નામ 'ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ' છે.
(2) IDBIનું પૂરું નામ 'ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા' છે.
(3) BEMLનું પૂરું નામ 'ભારત અર્થમૂવર્સ લિમિટેડ' છે.
(4) IPOનું પૂરું નામ 'ઈનિશિયલ પબ્લિક ઓફર' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 3. મહત્વાકાંક્ષી ભારત માટે સહિયારો વિકાસ

- નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને મહત્વાકાંક્ષી ભારત માટે સહારા વિકાસ અંતર્ગત કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ ભારત, વિસ્થાપિત શ્રમિક અને શ્રમ તેમજ આર્થિક સમાવેશિતા સામેલ કરવાની જાહેરાત કરી છે.


### કૃષિ


- નાણામંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સરકાર ખેડૂતના કલ્યાણ માટે કટિબદ્ધ છે. સુનિશ્ચિત ભાવ ઉપલબ્ધ કરાવવા માટે MSP (Minimum Support Price)ની વ્યવસ્થામાં વ્યાપક પરિવર્તનો લાવવામાં આવ્યા છે. જેમાં તમામ કોમોડિટી માટે ઉત્પાદન ખર્ચની સરખામણીએ ઓછામાં ઓછા દોઢ ગણા ભાવ નક્કી કરવામાં આવે છે.
- સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ખરીદીની કામગીરી એક નિશ્ચિત ગતિ એ સતત આગળ વધી રહી છે.

વિવિધ પાક માટે ખેડૂતોને કરવામાં આવેલી ચૂકવણીઓ નીચે મુજબ છે:

| | વર્ષ 2013-14 | વર્ષ 2019-20 | વર્ષ 2020-21 |
|---|---|---|---|
| ઘઉં | રૂ. 33,874 Cr. | રૂ. 62,802 Cr. | રૂ. 75,060 Cr. |
| ધાન્ય | રૂ. 63,928 Cr. | રૂ. 1,41,930 Cr. | રૂ.1,72,752 Cr. |
| વિવિધ દાળ | રૂ. 236 Cr. | રૂ. 8,285 Cr. | રૂ. 10,530 Cr. |

- આ વર્ષના પ્રારંભમાં આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ 'સ્વામિત્વ યોજના'નો પ્રારંભ કર્યો હતો.
- આ યોજના અંતર્ગત, ગામડાઓમાં મિલકતોના માલિકોને મોટી સંખ્યામાં તેમની મિલકતના માલિકીના અધિકારો આપવામાં આવી રહ્યા છે.
- અત્યાર સુધીમાં 1,241 ગામડાઓમાં લગભગ 1.80 લાખ મિલકત માલિકોને મિલકત કાર્ડ આપવામાં આવ્યા છે અને નાણામંત્રીશ્રીએ નાણાકીય વર્ષ 2021-22 દરમિયાન આ યોજનાના દાયરામાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સામેલ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.
- ખેડૂતોને પુરતા પ્રમાણમાં ધિરાણ પ્રાપ્ત થઇ શકે તે માટે સરકારે નાણાકીય વર્ષ 2022માં કૃષિ ધિરાણનું લક્ષ્ય વધારીને 16.5 લાખ કરોડ નિર્ધારિત કર્યું છે.
- તેવી જ રીતે, ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ ભંડોળ માટે ફાળવણી રૂપિયા 30,000 કરોડ હતી તે વધારીને રૂપિયા 40,000 કરોડ કરવામાં આવી છે.
- નાબાર્ડ અંતર્ગતના રૂપિયા 5,000 કરોડના ભંડોળની સાથે બનાવવામાં આવેલા 'સૂક્ષ્મ સિંચાઈ ભંડોળ'ની રકમ વધારીને બમણી કરવામાં આવશે.
- કૃષિ અને સંલગ્ન ઉત્પાદનોમાં મૂલ્યવર્ધન અને તેની નિકાસને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી. જે અંતર્ગત હવે 'ઓપરેશન ગ્રીન યોજના'ના દાયરામાં ઝડપથી સડી જાય તેવી 22 ઉપજોને સામેલ કરવામાં આવશે. હાલમાં આ યોજના ટામેટા, ડુંગળી, બટાકા માટે લાગુ પડે છે. જેને "TOP" તરીકે ઓળખવામાં આવે છે.
- E–NAM સાથે 1,000થી વધારે મંડી (કૃષિ બજારો)ને જોડવામાં આવ્યા છે.
- APMCને તેમના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો કરવા માટે 'કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભંડોળ' ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- નાણામંત્રીશ્રીએ આકાંક્ષી ભારત માટે સમાવિષ્ટ વિકાસના ભાગરૂપે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો, ખેડૂતોના કલ્યાણ અને




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ખેડૂતોને લાભ આપવાના આશય સાથે નાણામંત્રીશ્રીએ કપાસ પર ડ્યુટી વધારીને 10 ટકા કરવાની અને કાચા રેશમ તેમજ રેશમના રેસા પર ડ્યુટી વધારીને 15 ટકા કરવાની જાહેરાત કરી હતી.
- કેન્દ્રીય નાણામંત્રીશ્રીએ નાની સંખ્યામાં ચીજવસ્તુઓ પર 'કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિકાસ ઉપકર' (AIDC)નો પ્રસ્તાવ મૂકયો છે.
- AIDC હેઠળ આવરી લેવામાં આવેલી ચીજોમાં સોનુ, ચાંદી, આલ્કોહોલયુક્ત પીણાં, ક્રૂડ, પામતેલ અને સૂર્યમુખીના તેલનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- બજેટમાં સરકારે પેટ્રોલ પર રૂ. 2.50 અને ડીઝલ પર રૂ. 4 નો એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર અને વિકાસ ઉપકર લગાડયો છે.
- આસામ અને પશ્ચિમ બંગાળના ચા મજૂરો, ખાસ કરીને મહિલાઓ અને બાળકોના કલ્યાણ માટે 1,000 કરોડ રૂપિયા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## ICE FACT

(1) APMCનું પૂરુંનામ 'એગ્રીકલ્ચરલ પ્રોડ્યૂસ માર્કેટ કમિટિ' છે.

(2) NAMનું પૂરૂં નામ 'નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ' છે.

(3) **સ્વામિત્વ યોજના**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 24 એપ્રિલ, 2020ના રોજ 'સ્વામિત્વ યોજના' શરૂ કરી હતી.
- આ યોજના પંચાયતી રાજ દિવસ પર શરૂ કરવામાં આવી હતી.
- આ યોજના પંચાયતીરાજ મંત્રાલય, રાજ્ય પંચાયતી રાજ વિભાગ, રાજ્ય રેવન્યુ વિભાગ અને સર્વે ઓફ ઇન્ડિયાનો સંયુક્ત પ્રયાસ છે.
- આ યોજનાનો મુખ્ય ઉદેશ ગ્રામીણ લોકોને જમીન હકો પ્રદાન કરવાનો છે.
- 11 ઓકટોબર, 2020ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વામિત્વ યોજના હેઠળ સંપત્તિકાર્ડ નું વિતરણ શરૂ કર્યુ હતું.
- આ યોજના અંતર્ગત ગ્રામીણ આયોજન માટે જમીનનો સચોટ રેકોર્ડ તૈયાર કરવામાં આવશે.
- ડ્રોન ટેક્નોલોજી અને કન્ટીન્યુસલી ઓપરેટિંગ રેફરન્સ સ્ટેશન (CORS)નો ઉપયોગ કરીને આ યોજના અંતર્ગત જમીનનું સર્વેક્ષણ હાથ ધરવામાં આવી રહ્યું છે.
- શરૂઆતમાં ઉત્તરપ્રદેશ, હરિયાણા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ અને કર્ણાટક જેવા રાજ્યોમાં આ યોજના પાઈલોટ ધોરણે હાથ ધરવામાં આવી રહી છે.

(4) **ઓપરેશન ગ્રીન**

- કેન્દ્રીય બજેટ 2018 -19માં કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલીએ 'ઓપરેશન ગ્રીન'ની જાહેરાત કરી હતી.
- તે એક પ્રકારની ભાવ નિર્ધારણ યોજના છે. જેનું લક્ષ્ય ખેડૂતોને તેમની પેદાશો માટે યોગ્ય ભાવ આપવાનો છે.
- તેનો ઉદેશ ખેડુત ઉત્પાદક સંગઠનો (FPO), કૃષિલોજિસ્ટિકસ, પ્રોસેસિંગ સુવિધાઓ અને કૃષિ પેદાશોના વ્યવસાયિક સંચાલનને પ્રોત્સાહન આપવાનો છે.
- તે ખેડૂતોને ગ્રાહકો સાથે જોડીને ટામેટા, ડુંગળી અને બટાકા (TOPS) ના સંગઠિત માર્કેટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- રાજ્ય કૃષિ અને અન્ય માર્કેટિંગ ફેડરેશન્સ, ખેડૂત નિર્માતા સંગઠનો (FPO), સહકારી સંસ્થાઓ,કંપનીઓ, સ્વયં સહાય જૂથો, ફૂડ પ્રોસેસર્સ વગેરે આ યોજના હેઠળ નાણાંકીય સહાય મેળવી શકે છે.

(5) **E–NAM (રાષ્ટ્રીય કૃષિ બજાર)**

- કેન્દ્ર સરકાર દ્વારા એપ્રિલ, 2016માં E–NAM નામના પોર્ટલની શરૂઆત કરવામાં આવી હતી.
- E–NAM એ કૃષિ પેદાશો માટેનું ઓનલાઈન વેપાર માટેનું મંચ છે.
- તેનો ઉદેશ એક એકીકૃત રાષ્ટ્રીય બજાર નુ સર્જન કરવાનો છે.
- તેની મદદથી ખેડૂતોલ વેપારીઓ અને ખરીદદારોને ઓનલાઈન ખરીદી અને વેચાણમાં મદદ મળશે.
- તેનું સંચાલન કેન્દ્રિત કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય અંતર્ગત કરવામાં આવી રહ્યું છે.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## મત્સ્યપાલન

- નાણામંત્રીશ્રીએ માછલી પકડવાના અને ફીશ લેન્ડિંગ કેન્દ્રના વિકાસમાં પૂરતા પ્રમાણમાં રોકાણનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.
- નાણામંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, માછલી પકડવાના મુખ્ય 5 કેન્દ્રો–કોચ્ચી (કેરલ), ચેન્નાઈ (તમિલનાડુ), વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ), પારાદીપ (ઓડિશા) અને પેટુઆઘાટ (પશ્ચિમ બંગાળ)ને આર્થિક ગતિવિધિઓના કેન્દ્રના રૂપમાં વિકસાવવામાં આવશે.
- **તમિલનાડુમાં શેવાળ**ના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા **બહુઉદ્દેશીય સીવીડ પાર્ક સ્થાપિત** કરવામાં આવશે.

## વિસ્થાપિત કામદારો અને શ્રમિકો

- કેન્દ્ર સરકારે **'એક રાષ્ટ્ર, એક રેશન કાર્ડ'** યોજનાનો પ્રારંભ કર્યો છે, આ યોજના પછી લાભાર્થીઓ દેશમાં ગમે ત્યાં હોય તો પણ પોતાનું રેશન લેવાનો દાવો કરી શકે છે.
- આ યોજના દેશના વિવિધ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં અમલમાં છે અને તેના અંતર્ગત ભારતમાં 69 કરોડ લાભાર્થીઓ છે.
- સરકારે **ચાર શ્રમ સંહિતાનો અમલ કર્યો** છે જેના કારણે 20 વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલી પ્રક્રિયાને સમાપ્ત કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.
- લઘુત્તમ વેતન તમામ શ્રેણીના કામદારો માટે લાગુ થવાને પાત્ર રહેશે અને તમામ કર્મચારી રાજ્ય વીમા નિગમ અંતર્ગત આવશે.
- મહિલાઓને તમામ શ્રેણીમાં તેમજ યોગ્ય સુરક્ષા સાથે રાત્રીની પાળીમાં કામ કરવાની મંજૂરી આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE FACT**
શ્રમ સંહિતામાં વ્યક્તિના કામ કરવાના સમય, મહેનતાણુ, કાર્યક્ષેત્રનું વાતાવરણ, સલામતી, મહિલાઓના કાર્ય કરવા અંગે વિવિધ નિયમોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## આર્થિક સમાવેશિતા (Financial Inclusion)

- નાણામંત્રીશ્રીએ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ માટે **'સ્ટેન્ડ અપ ઇન્ડિયા યોજના'** અંતર્ગત ધિરાણ પ્રવાહ સહાયતાને આગળ વધારવા અંગે જાહેરાત કરી છે.
- નાણામંત્રીશ્રીએ **માર્જિનમનીની જરૂરિયાત 25%થી ઘટાડીને 15% કરવાની** અને કૃષિ સંબંધિત ગતિવિધિઓ માટેના ધિરાણો પર સામેલ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

**ICE FACT**
**માર્જિન મની**
માર્જિન મનીએ બેંક પાસેથી મળનાર લોન અને વાસ્તવિક જરૂરિયાત વચ્ચેનો તફાવત છે.

## 4. માનવમૂડીનું ફરી મજબૂતીકરણ

### શાળા શિક્ષણ

- નાણામંત્રીશ્રીએ જણાવ્યું હતું કે 15,000થી વધારે શાળાઓમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP)ના તમામ ઘટકો સામેલ કરીને તેને ગુણવત્તાની દ્રષ્ટિએ મજબૂત બનાવવામાં આવશે.
- તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે NGO / ખાનગી શાળાઓ/ રાજ્યોની ભાગીદારીમાં 100 નવી સૈનિક શાળાઓનું નિર્માણ કરવામાં આવશે.

### ઉચ્ચ શિક્ષણ

- નાણામંત્રીશ્રીએ છત્ર એકમના રૂપમાં એક ભારતીય ઉચ્ચ શિક્ષણ પંચ સ્થાપિત કરવાનો પણ પ્રસ્તાવ મૂકયો છે.
- લેહમાં કેન્દ્રીય યુનિવર્સિટી સ્થાપિત કરવાનો પ્રસ્તાવ પણ કરવામાં આવ્યો છે.

### અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કલ્યાણ

- કેન્દ્ર સરકારે જનજાતિઓના વિસ્તારોમાં 750 એકલવ્ય મોડેલ રહેણાંક શાળાઓ સ્થાપિત કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે.
- આવી દરેક શાળાઓનો ખર્ચ રૂપિયા 20 કરોડથી વધારે રૂપિયા 38 કરોડ અને પર્વતીય વિસ્તારો તેમજ દુર્ગમ વિસ્તારોમાં 48 કરોડ રૂપિયા કરવાનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.
- એવી જ રીતે, અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત કેન્દ્રીય સહાય વધારવામાં આવી છે. અને 2025–26 સુધીના 6 વર્ષ માટે કુલ રૂપિયા 35, 219 કરોડની ફાળવણી કરવામાં આવી છે.

### કૌશલ્ય

- યુનાઈટેડ આરબ અમીરાત (UAE) સાથે ભાગીદારીમાં કૌશલ્ય યોગ્યતા, મૂલ્યાંકન અને પ્રમાણીકરણની સાથે સાથે પ્રમાણિકૃત કર્મચારીઓની નિમણૂક કરવા માટેની એક પહેલ હાલમાં પ્રક્રિયા હેઠળ છે.
- યુવાનો માટે એપ્રેન્ટિસશિપ કાર્યક્રમોમાં પ્રોત્સાહન આપવા માટે 'એપ્રેન્ટિસશિપ એક્ટ'માં સુધારાનો પ્રસ્તાવ મૂકયો છે.
- કુશળતા, જ્ઞાન અને તકનીકના સહયોગ માટે જાપાન સાથે ટ્રેનીંગ ઈન્ટર ટ્રેનીંગ પ્રોગ્રામ (TITP) શરૂ કરવામાં આવ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 5. આવિષ્કાર અને રિસર્ચ & ડેવલપમેન્ટ




- જુલાઈ 2019માં કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સંશોધન પ્રતિષ્ઠાન (NRF)ની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી.
- તેના અંતર્ગત પાંચ વર્ષના સમય માટે NRFનો ખર્ચ 50,000 કરોડ રૂપિયા થશે. તેનાથી ઓળખી કાઢવામાં આવેલા રાષ્ટ્રીય પ્રાથમિકતાની જરૂરિયાતવાળા ક્ષેત્રોને ધ્યાનમાં રાખતા દેશમાં એકંદરે સંશોધન ઈકો સિસ્ટમ મજબૂત બનાવવાનું સુનિશ્ચિત થશે.
- સરકાર એક નવી પહેલ 'રાષ્ટ્રીય ભાષા અનુવાદ મિશન' (NTLM)નો પ્રારંભ કરશે. તેનાથી મુખ્ય ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ કરવામાં આવેલી શાસન અને નીતિ સંબંધિત જ્ઞાનરૂપી સંપત્તિ ઈન્ટરનેટ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- અંતરીક્ષ વિભાગ અંતર્ગત **'ધ ન્યૂ સ્પેસ ઇન્ડિયા લિમિટેડ' (NSIL)** બ્રાઝિલના એમેઝોનીયા ઉપગ્રહની સાથે ભારતના કેટલાક નાના ઉપગ્રહોને **PSLV-CS51**ની મદદથી લોન્ચ કરશે.
- **'ગગનયાન મિશન'** ગતિવિધિઓના એક ભાગ તરીકે, ચાર ભારતીય અવકાશયાત્રીઓને રશિયાના જેનરિક સ્પેસ ફ્લાઈટ આસ્પેક્ટ પર તાલીમ આપવામાં આવી રહી છે.
- તેના અંતર્ગત **ભારતના પ્રથમ માનવરહિત લોન્ચિંગ ડિસેમ્બર 2021**માં કરવાનો કાર્યક્રમ નિર્ધારીત કરવામાં આવ્યો છે.
- ઊંડા મહાસાગરોના સર્વેક્ષણ અને મહાસાગરોની જૈવવિવિધતા સંરક્ષણ માટે **'ડીપ ઓશન મિશન'** પરિયોજનાઓ શરૂ કરવા માટે 4000 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

**ICE FACT**

**ડીપ ઓશન મિશન** : કેન્દ્ર સરકારે મહાસાગરોની ઊંડાઈની તપાસ કરવા માટે રૂ. 8000 કરોડના ખર્ચ પર પાંચ વર્ષમાં **ઓક્ટોબર 2019**થી ડીપ ઓશન મિશન શરૂ કર્યુ છે. **કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય** તેનું નોડલ મંત્રાલય છે. તેના અંતર્ગત ઓફ શોર ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપવામાં આવશે. જે ભરતી ઊર્જા સાથે સંકળાયેલ છે.

## 6. લઘુત્તમ સરકાર, મહત્તમ સુશાસન (Minimum Government, Maximum Governance)

- નાણામંત્રીશ્રીએ અંદાજપત્રમાં 6 મહત્વપૂર્ણ આધારસ્તંભો પર વિશેષ ભાર મૂકીને 'ન્યાય ઝડપ'થી ઉપલબ્ધ કરાવવા માટે ટ્રિબ્યુનલોમાં સુધારો કરવા અનેક પગલાંઓ ભરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.
- કેન્દ્ર સરકારે પણ સૂચિબદ્ધ સ્વાસ્થ્ય સંભાળ વ્યવસાયોમાં પારદર્શક અને કૌશલ્ય રેગ્યુલેશન સુનિશ્ચિત કરવાના દ્રષ્ટિકોણ સાથે સંસદમાં એક વિધેયક રજૂ કર્યુ છે.
- **ભારતના ઇતિહાસમાં આગામી વસ્તી ગણતરી પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરી** બનશે. તેમજ આ મહત્વપૂર્ણ કાર્ય માટે વર્ષ 2021–22માં રૂપિયા 3,768 કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- **રાજકોષીય સ્થિતિ** અંગે તેમણે અર્થતંત્ર પર મહામારીની અસરના પરિણામે વર્ષ 2020–21 માટે રૂપિયા 30.42 લાખ કરોડના મૂળ અંદાજપત્રીય અનુમાનિત ખર્ચની સરખામણીએ સુધારેલું અનુમાન 34.50 લાખ કરોડ આંકવામાં આવ્યું છે.
- સુધારેલા અનુમાનમાં મૂડીગત ખર્ચ 2020-21માં રૂપિયા 4.39 લાખ કરોડ છે. જ્યારે 2020–21માં અંદાજપત્રીય અનુમાન રૂપિયા 4.12 લાખ કરોડ રહ્યું છે.
- નાણામંત્રીશ્રીએ જણાવ્યું હતું કે 2021–22માં રાજકોષીય ખાદ્ય વધીને કુલ ઘરેલું ઉત્પાદનના 9.5% થઈ ગઈ છે. અને તેને સરકારી દેવુંલ બહુપક્ષીય દેવુ, લઘુ બચત ભંડોળ અને આપાતકાલીન ધિરાણોના માધ્યમથી નાણાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.
- અંદાજપત્રીય અનુમાન મુજબ **2021–22માં રાજકોષીય ખાદ્ય GDPના 6.8% રહેવાનું** અનુમાન છે. વર્ષ 2025–26 સુધીમાં રાજકોષીય ખાદ્ય GDPના 4.5% નીચે લાવવાનું લક્ષ્ય છે.
- રાજયોનું ઋણ **15માં નાણા આયોગના** અભિપ્રાયો અનુસાર સરકાર રાજ્યો માટેની ચોખ્ખી ઉધારીની સામાન્ય ઉપલી મર્યાદા કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદનના 4% પર નિર્ધારિત કરવાની મંજૂરી આપી રહી છે.
- FRBM અધિનિયમ અંતર્ગત GDPના 3 ટકાની સમકક્ષ રાજકોષીય ખાદ્ય 31 માર્ચ 2020–21 સુધીમાં પ્રાપ્ત કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.
- 9 ડિસેમ્બર, 2020ના રોજ **15માં નાણાંઆયોગે 2021–2026**ના સમયગાળાને આવરી લઈને પોતાનો અંતિમ રિપોર્ટ રાષ્ટ્રપતિ શ્રીને સોંપ્યો છે. તેના અંતર્ગત **કેન્દ્રની કર વહેંચણીમાં રાજ્યોનો હિસ્સો 41%** જાળવવામાં આવ્યો છે.

- લિમિટેડ લાયાબિલિટી પાર્ટનરશિપ (LLP) કાયદા 2008ને અપરાધ મુક્ત બનાવવામાં આવશે.
- કંપની ધારા 2013 અંતર્ગત લઘુ કંપનીઓની પરિભાષામાં સંશોધન કરવામાં આવશે.
- કોઈપણ ભારતીય નાગરિક માટે વન પર્સન કંપની (OPC) સ્થાપિત કરવા માટે રોકાણનો સમયગાળો 182 દિવસથી ઘટાડીને 120 દિવસ કરવામાં આવશે.

**ICE FACT**

- ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી એન્ડ બજેટ મેનેજમેન્ટ એક્ટ, 2003ની સંસદમાં રજૂઆત શ્રી યશવંત સિન્હા દ્વારા કરવામાં આવી હતી.
- તેનું મુખ્ય લક્ષ્યાંક નાણાકીય વ્યવસ્થાપન અને લાંબાગાળાની મેક્રો ઈકોનોમિક સ્થિરતા પ્રાપ્ત કરવાનો છે.
- આ કાયદા અંતર્ગત કેન્દ્ર સરકારે ઋણ અને ખોટ પરની મર્યાદા નક્કી કરવાની રજૂઆત કરી હતી.

## અંદાજપત્ર 2021–22માં કરવેરા સંબંધિત જોગવાઈઓ

- કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને કર પ્રશાસનને સરળ બનાવવા માટે, દાવા વ્યવસ્થાપન અને પ્રત્યક્ષ કરવેરા પ્રશાસનની જટિલતાઓ સરળ બનાવવાનો પ્રયાસ કર્યો છે.

### પ્રત્યક્ષ કરવેરા પ્રસ્તાવો

- નાણામંત્રીશ્રીએ આવકવેરા રીટર્ન ભરવામાં વરિષ્ઠ નાગરિકોને રાહત આપીને આવકવેરા પ્રક્રિયાઓની સમય મર્યાદામાં ઘટાડો કરીને, દાવા સમાધાન સમિતિની રચનાની જાહેરાત કરી હતી.
- નાણામંત્રીશ્રીએ કહ્યું હતું કે વર્ષ 2014માં આવકવેરા રીટર્ન દાખલ કરનારા લોકોની સંખ્યા 3.31 કરોડ હતી જે વર્ષ 2020માં 6.48 કરોડ થઈ હતી જે ધરખમ વધારો દર્શાવે છે.
- અંદાજપત્રમાં 75 વર્ષ અને તેનાથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને વધારે રાહત આપવામાં આવી છે.
- સસ્તામાં ઘર ખરીદવા પર મળતા ધિરાણના વ્યાજમાં રૂપિયા 1.5 લાખ સુધીની છૂટની જોગવાઈ 31 માર્ચ 2022 સુધી લંબાવવામાં આવી છે.
- તેમણે સસ્તા ઘરની યોજના અંતર્ગત કરવેરા મુક્તિનો દાવો કરવા માટે પાત્રતાની સમયમર્યાદા એક વર્ષ માટે વધારીને 31 માર્ચ, 2022 સુધી કરી દીધી છે.
- ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન મળે તે હેતુથી અને પોતાના લગભગ તમામ આર્થિક વ્યવહારો ડિજિટલ પદ્ધતિથી કરનાર વ્યક્તિનો બોજ ઘટાડવા માટે બજેટમાં 95% આર્થિક વ્યવહારો ડિજિટલ પદ્ધતિથી કરનારની ટેક્સ ઓડિટની મર્યાદા રૂ. 5 કરોડથી વધારીને રૂ. 10 કરોડ સુધીની કરવાની દરખાસ્ત કરવામાં આવી છે.
- દેશમાં સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે અને તેમને લાભ પહોંચાડવા માટે શ્રીમતી સીતારામને સ્ટાર્ટઅપ માટે કરમુક્તિના દાવા કરવા માટેની સમય મર્યાદા એક વર્ષ માટે લંબાવીને 31 માર્ચ, 2022 સુધીની કરી દીધી છે.
- નેશનલ ફેસ લેસ ઇન્કમટેક્સ એપીલેટ ટ્રીબ્યુનલ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.
- વર્ષ 2025–26 સુધીમાં નાણાકીય ખાદ્ય GDPમાં 4.5 %ની નીચે લાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

### અપ્રત્યક્ષ કરવેરાના પ્રસ્તાવો

- GSTને ભવિષ્યમાં વધુ સરળ બનાવવા માટે સંખ્યાબંધ ઉપાયો કરવામાં આવ્યા છે.
- કસ્ટમ ડ્યુટી અંગે 400થી વધુ જૂની મુક્તિઓની સમીક્ષા કરવામાં આવશે.

### ICE FACT

GSTનું પુરૂં નામ **'Goods and Services Tax'** છે.

**Custom Duty** (સીમા શુલ્ક) : જયારે વસ્તુઓનું આંતરરાષ્ટ્રીય સરહદોની પાર પરિવહન કરવામાં આવે ત્યારે વસ્તુઓ પર લાગુ કરવામાં આવતાં કરને **'સીમા શુલ્ક'** કહેવામાં આવે છે.

- ત્યારબાદ સરકાર વ્યાપક પરામર્શ બાદ 1 ઓક્ટોબર 2021થી સુધારેલ કસ્ટમ ડ્યુટીનું માળખું અમલમાં મૂકશે.
- નાણામંત્રીશ્રીએ **સોલાર ઇન્વર્ટર** પર ડ્યુટી 5 ટકાથી વધારીને 20 ટકા કરવાની અને **સોલાર લાલટેન** પર ડ્યુટી 5 ટકાથી વધારીને 15 ટકા કરવાની પણ જાહેરાત કરી હતી.
- મોબાઈલના કેટલાક પાર્ટ્સ પરનો વેરો **'શૂન્ય'થી વધારીને 2.5%** કરવામાં આવ્યો છે.
- બિનમિશ્ર, મિશ્ર અને સ્ટેઈનલેસ સ્ટીલના સેમી, ફ્લેટ, અને વધારે ઉત્પાદનો પર કસ્ટમ ડ્યુટી ઘટાડીને 7.5% કરવામાં આવી છે.
- સ્ટીલ સ્ક્રેપ પર કરવેરામાં 31 માર્ચ 2022 સુધી મુક્તિ આપવામાં આવી છે.

### મહત્વનું વર્ષ 2021

- કેન્દ્રીય નાણામંત્રીશ્રીના જણાવ્યા અનુસાર વર્ષ 2021 ભારતીય ઈતિહાસમાં મહત્વપૂર્ણ છે. વર્ષ 2021 નીચેની બાબતોને કારણે મહત્વપૂર્ણ બની રહેશે
- ભારતની આઝાદીનું 75મું વર્ષ
- વર્ષ 1971માં થયેલા ભારત–પાકિસ્તાન યુદ્ધના 50 વર્ષ પૂર્ણ
- સ્વતંત્રતા બાદ ભારતની 8મી વસતી ગણતરીનું વર્ષ
- BRICS દેશોની અધ્યક્ષતા ભારત દ્વારા કરવામાં આવશે.
- ચંદ્રયાન-3 મિશનનું વર્ષ
- હરિદ્વાર મહાકુંભનું આયોજન પણ વર્ષ 2021 દરમિયાન કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






## કેન્દ્રીય બજેટ 2021-22 અંતર્ગત વિવિધ સરકારી વિભાગોને નાણાંકીય ફાળવણી

➤ વર્ષ 2021- 22 માટેના કેન્દ્રીય બજેટનું કુલ કદ 34,83,236 કરોડ છે. આના માટે વિવિધ વિભાગોને ફાળવાયેલ રકમ નીચે મુજબ છે :

### કેન્દ્રીય મંત્રાલય / વિભાગ

| આરોગ્ય મંત્રાલય | નાણાં (રૂ.કરોડમાં ) | આરોગ્ય મંત્રાલય | નાણાં (રૂ.કરોડમાં ) |
|---|---|---|---|
| આરોગ્ય મંત્રાલય | 74,602 | પરિવહન ક્ષેત્ર | 2,33,083 |
| નાણામંત્રાલય | 91,916 | શહેરી વિકાસ | 54,581 |
| ગૃહ મંત્રાલય | 1,13,521 | સંઘ રાજ્ય ક્ષેત્ર | 53,026 |
| વિદેશ મંત્રાલય | 18,155 | પેન્શન | 1,89,328 |
| આઈટી અને દૂર સંચાર મંત્રાલય | 53,108 | સંરક્ષણ મંત્રાલય | 3,47,088 |
| ગ્રામીણ વિકાસ | 1,94,633 | મુખ્ય સબસીડી | 3,35,361 |
| કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો | 1,48,301 | પૂર્વોત્તરના વિકાસ માટે | 2,658 |
| વાણિજ્ય અને ઉદ્યોગ | 34,623 | વ્યાજ ચૂકવણીઓ માટે | 8,09,701 |
| શિક્ષણ મંત્રાલય | 93,224 | પ્લાનીંગ એન્ડ સ્ટેટીસ્ટિકસ | 2,472 |
| ઊર્જા મંત્રાલય | 42,824 | ટેકસ એડમીનિસ્ટ્રેશન | 1,31,100 |
| વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય | 30,640 | વિવિધ રાજ્યો માટે | 2,93,302 |
| સામાજિક કલ્યાણ મંત્રાલય | 48,460 | અન્ય | 87,528 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### કેન્દ્રીય બજેટ 2021-22 અંતર્ગત સરકારને આવક અને ખર્ચ

| વિવિધ ક્ષેત્રમાંથી આવક | ટકાવારી (કુલ સરકારની આવકની ટકાવારી પ્રમાણે) |
|---|---|
| દેવું અને અન્ય જવાબદારીઓ | 36% |
| દેવા સિવાયની મૂડી આવક | 5% |
| આવક વેરો | 14% |
| કોર્પોરેશન ટેક્સ | 13% |
| GST | 15% |
| કેન્દ્રીય એકસાઈઝ ડ્યુટી | 8% |
| કસ્ટમ | 3% |
| કર સિવાયની આવક | 6% |

| વિવિધ ક્ષેત્રોમાં થનાર ખર્ચ | ટકાવારી (કુલ સરકારના ખર્ચમાંથી ક્ષેત્ર મુજબ થનાર ખર્ચની ટકાવારી) |
|---|---|
| કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ | 9% |
| પેન્શન | 5% |
| સબસિડીઓ | 9% |
| સંરક્ષણ | 8% |

| | |
|---|---|
| વ્યાજ ચુકવણી | 20% |
| કેન્દ્રીય સેક્ટરની યોજનાઓ | 13% |
| નાણાપંચ અને અન્ય ટ્રાન્સફર | 10% |
| વેરા, ડ્યુટીમાં રાજ્યોનો હિસ્સો | 16% |
| અન્ય ખર્ચ | 10% |

## ભારતમાં બજેટનો ઈતિહાસ

(1) ભારતમાં **સૌપ્રથમ 18 ફેબ્રુઆરી 1860**ના રોજ બ્રિટિશ સરકારના નાણાંમંત્રી **શ્રી જેમ્સ વિલ્સને** બજેટ રજૂ કર્યું હતું. તેથી જેમ્સ વિલ્સનને **ભારતીય બજેટ પદ્ધતિ**ના પિતા કહેવામાં આવે છે.

(2) આઝાદી બાદ ભારતનું પ્રથમ બજેટ નાણાં મંત્રી **શ્રી આર. કે. શણમુખમ શેટ્ટી**એ 26 નવેમ્બર, 1947ના રોજ રજૂ કર્યું હતું. જ્યારે પ્રજાસત્તાક ભારતનું પ્રથમ બજેટ શ્રી જોન મથાઈએ રજૂ કર્યું હતું.

(3) ભારતમાં 1921માં વિલિયમ **એકવર્થ સમિતિ**ની ભલામણથી રેલવે બજેટને કેન્દ્રીય બજેટથી અલગ કરવામાં આવ્યું હતું. અને તે સૌપ્રથમ 1924માં રજૂ થયું હતું.

(4) ત્યારબાદ 1924 થી 2016 સુધી રેલવે બજેટ કેન્દ્રીય બજેટથી અલગ રજૂ થતું હતું.

(5) જોકે વર્ષ 2017થી રેલવે બજેટને કેન્દ્રીય બજેટ સાથે મર્જ કરવામાં આવ્યું છે. આથી વર્ષ 2016માં રજૂ થયેલું રેલવે બજેટ ભારતનું અંતિમ સ્વતંત્ર રેલવે બજેટ હતું.

(6) વર્ષ 2016માં ભારતનું **અંતિમ રેલવે** બજેટ રજૂ કરનાર ભારતના રેલવે **મંત્રી શ્રી સુરેશ પ્રભુ** હતા.

(7) ભારતમાં વર્ષ 2016 સુધી સામાન્ય બજેટ ફેબ્રુઆરી મહિનાના અંતિમ કામકાજના દિવસે રજૂ કરવામાં આવતું હતું. પરંતુ વર્ષ 2017થી બજેટ 1 ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવે છે.

(8) અત્યાર સુધીમાં ભારતમાં સૌથી વધુ બજેટ રજૂ કરવાનો રેકોર્ડ શ્રી મોરારજીભાઈ દેસાઈના નામે છે.

(9) **શ્રી મોરારજીભાઇ દેસાઈએ સૌથી વધુ 10 વખત** ત્યારબાદ શ્રી પી. ચિદમ્બરમે 9 વખત અને શ્રી પ્રણવ મુખર્જીએ 8 વખત બજેટ રજૂ કર્યું છે.

(10) આ ઉપરાંત 29 ફેબ્રુઆરીને પોતાના જન્મદિવસે બજેટ રજૂ કરનાર **શ્રી મોરારજીભાઇ દેસાઈ ભારતના એકમાત્ર નાણામંત્રી** છે.

(11) ભારતનું બજેટ રજૂ કરનાર **પ્રથમ મહિલા નાણામંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધી** છે.

(12) ભારતમાં 26 નવેમ્બર, 1947ના રોજ શ્રી આર. કે. શણમુખમ શેટ્ટીએ રજૂ કરેલું ભારતનું પ્રથમ બજેટ ફક્ત સાડા સાત મહિનાનું હતું. આથી, તેને **ભારતનું પ્રથમ 'Interim Budget'** માનવામાં આવે છે.

## ભારતમાં બજેટ અંગેની બંધારણીય જોગવાઈ

(1) બજેટ માત્ર લોકસભામાં જ રજૂ થાય છે અને રાજ્યસભામાં માત્ર સહમતી માટે મોકલાય છે.

(2) રાજ્યસભા બજેટમાં કોઈ સુધારો કે તેનો અસ્વીકાર કરી શકશે નહિ, પરંતુ ફક્ત સલાહ આપી શકે છે અને 14 દિવસમાં રાજ્યસભાએ બજેટને પરત મોકલવાનું રહેશે.

(3) લોકસભા રાજ્યસભાની ભલામણોનો સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે.

(4) ભારતીય બંધારણના **અનુચ્છેદ-112**માં બજેટને લગતી જોગવાઈ કરવામાં આવી છે.

(5) **ભારતીય બંધારણમાં બજેટ (અંદાજપત્ર) શબ્દનો પ્રયોગ થયો** નથી. બંધારણના અનુચ્છેદ-112માં વાર્ષિક નાણાંકીય પત્રક/વાર્ષિક નાણાકીય આવક–જાવકના વિવરણની જોગવાઈ કરવામાં આવી છે.

(6) રાષ્ટ્રપતિ દરેક નાણાંકીય વર્ષમાં કેન્દ્રીય નાણાં મંત્રી દ્વારા સંસદમાં બજેટ રજૂ કરાવે છે.

(7) ભારતીય બંધારણના **અનુચ્છેદ 116માં લેખાનુદાન (Vote on Account)**ની જોગવાઈ કરવામાં આવી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ભારતમાં બજેટ પસાર કરવાની પ્રક્રિયા

ભારતમાં બજેટને વિવિધ ચરણોમાંથી પસાર કરવામાં આવે છે જે નીચે મુજબ છે :

(1) કેન્દ્રીય નાણામંત્રીશ્રી દ્વારા બજેટ રજૂ કરતાં પહેલા **'હલવા સેરેમની'**નું આયોજન કરવામાં આવે છે. આ હલવા સેરેમનીમાં બજેટ તૈયાર કરવામાં સંકળાયેલ અધિકારીઓ અને તમામ સ્ટાફ ભાગ લે છે. આ સેરેમની બાદ બજેટના દસ્તાવેજોના છાપકામની શરૂઆત થાય છે.

- ભારતમાં કેન્દ્રીય નાણામંત્રાલય દ્વારા **નીતિ આયોગ** અને **અન્ય સંબંધિત મંત્રાલયોના સહયોગ**થી બજેટ તૈયાર કરવામાં આવે છે.
- કેન્દ્રીય નાણામંત્રાલયમાં **ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમીક અફેર્સ (DEA)**એ બજેટ તૈયાર કરવા માટે નોડલ બોડી છે.

(2) **બજેટની પ્રસ્તુતિ**

- ભારતીય બંધારણના અનુચ્છેદ-112 મુજબ રાષ્ટ્રપતિ દરેક નાણાકીય વર્ષ માટે સંસદના બંને ગૃહોની સમક્ષ ભારત સરકારની તે વર્ષ માટેની અંદાજિત આવક અને ખર્ચનું પત્રક (વિવરણ) રજૂ કરાવશે. જેને **'વાર્ષિક નાણાકીય પત્રક'** કે **'બજેટ'** કહેવામાં આવે છે. આ બજેટ ભારતના રાષ્ટ્રપતિ વતી ભારતના નાણામંત્રી દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવે છે. ત્યારબાદ તેને સહમતી માટે રાજ્યસભામાં મોકલવામાં આવે છે.

(3) **બજેટ પર સામાન્ય ચર્ચા (General Discussion on Budget)**

- બજેટ લોકસભામાં રજૂ થયા બાદ લોકસભામાં **ત્રણથી ચાર દિવસ બજેટ પર સામાન્ય ચર્ચા** થાય છે.

(4) **વિભાગીય સમિતિઓ દ્વારા વિવિધ વિભાગોની અનુદાન માંગણીઓની ચકાસણી**

- બજેટ પર સામાન્ય ચર્ચા પૂરી થયા પછી સંસદને **ત્રણ કે ચાર અઠવાડિયા સુધી સ્થગિત** કરવામાં આવે છે.
- આ સમયગાળા દરમિયાન સંસદની વિભાગીય સમિતિઓ વિભિન્ન મંત્રાલયો દ્વારા રજૂ કરાયેલી અનુદાનની માંગોની વિસ્તૃત તપાસ કરે છે. તેમજ તેના પર રિપોર્ટ તૈયાર કરે છે.
- આ રિપોર્ટ બંને ગૃહોમાં વિચાર માટે મોકલવામાં આવે છે.

(5) **લોકસભામાં અનુદાન માંગણીઓ (Grants) ઉપર મતદાન**

- વિભાગીય સમિતિઓના રિપોર્ટના આધારે લોકસભામાં દરેક મંત્રાલયની માંગો ઉપર મતદાન થાય છે.
- આ મતદાનનો હક્ક માત્ર લોકસભા પાસે છે.

(6) **વિનિયોગ ખરડો (Appropriation Bill) પસાર કરવો**

- ત્યારબાદ બંધારણના **અનુચ્છેદ-114** મુજબ સંચિત ભંડોળમાંથી નાણાં મેળવવા માટે વિનિયોગ ખરડો લોકસભામાં રજૂ કરવામાં આવે છે.
- લોકસભા દ્વારા પસાર કરવામાં આવેલ માંગણીઓ (Grants) તથા સંચિતનીધિ (એકત્રિત ફંડ)માંથી કરવામાં આવશે તેવા ખર્ચની રકમને એકત્રિત કરીને ખરડાનું સ્વરૂપ આપવામાં આવે છે જેને 'વિનિયોગ ખરડો' (Appropriation Bill) કહેવામાં આવે છે. તેની જોગવાઈ બંધારણના અનુચ્છેદ-114માં કરવામાં આવેલ છે.
- વિનિયોગ ખરડાને લોકસભામાં જ રજૂ કરવામાં આવે છે, જે અન્ય નાણાં ખરડાની જેમ બધી જ અવસ્થાઓમાંથી પસાર થાય છે.
- વિનિયોગ ખરડામાં લોકસભા કોઈપણ પ્રકારનો સુધારો કરી શકતી નથી.
- વિનિયોગ ખરડો લોકસભામાં પસાર થયા પછી રાજ્યસભાની ભલામણ માટે લોકસભાના અધ્યક્ષ દ્વારા 'ધન વિધેયક'ના પ્રમાણપત્ર સાથે મોકલવામાં આવે છે.
- જે અનુચ્છેદ-109 (નાણાં ખરડાંના સંબંધમાં ખાસ કાર્યવાહી અંગેની જોગવાઈઓ)ની કાર્યવાહી અનુસાર રાજ્યસભાએ 14 દિવસમાં પરત મોકલવાનો રહે છે.

(7) **રાષ્ટ્રપતિની મંજૂરી**

- ત્યારબાદ રાષ્ટ્રપતિની સ્વીકૃતિ માટે મોકલવામાં આવે છે જે એક ઔપચારિક પ્રક્રિયા છે. કારણ કે તે રાષ્ટ્રપતિની મંજૂરીથી જ રજૂ કરવામાં આવેલ હોય છે. આથી રાષ્ટ્રપતિ તેને નકારી શકતા નથી.
- રાષ્ટ્રપતિની મંજૂરી પછી સરકારના વિભિન્ન વિભાગોને ખર્ચ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# બજેટના સંદર્ભમાં વિવિધ અનુદાનો

## લેખાનુદાન (Vote on Account)

- <u>**અનુચ્છેદ–116**</u> અંતર્ગત, બજેટ પસાર થવાની પ્રક્રિયા સામાન્ય રીતે ચાલું નાણાંકીય વર્ષથી શરૂ થયા પછી પણ લાંબા સમય સુધી ચાલે છે.
- સંસદની મંજૂરી વગર સંચિતનિધિમાંથી નાણાં ઉપાડી શકાતાં નથી.
- આથી જયાં સુધી બજેટ સંસદમાં વિનિયોગ ખરડારૂપે પસાર ન થાય ત્યાં સુધી દેશનો વહીવટ ચલાવવા સરકાર પાસે પર્યાપ્ત ધન હોવું જરૂરી છે. આથી સરકાર બજેટ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી બજેટના 1/6 (લગભગ બે મહિના સુધી ચાલે તેટલી)ની રકમ પેશગીના રૂપમાં લોકસભાની મંજૂરીથી મેળવી લે છે.
- જેના નાણાંનો હિસાબ પછીથી અંદાજપત્રમાં રજૂ કરવાનો રહે છે.
- તેને <u>**‘લેખાનુદાન’**</u> કહેવામાં આવે છે.


## પ્રત્યાનુદાન (Vote of Credit)

- બંધારણના <u>**અનુચ્છેદ-116**</u>ની જોગવાઈ અંતર્ગત આવી પડેલા આકસ્મિક ખર્ચ જેવા કે યુદ્ધ ખર્ચને પહોંચી વળવા લોકસભા સંચિત નિધિમાંથી સરકારને નાણાં ઉપાડવા મંજૂરી આપે છે. આવી માંગણીઓને બંધારણના અનુચ્છેદ-116 મુજબ પ્રત્યાનુદાન કહેવામાં આવે છે.
- ‘પ્રત્યાનુદાન’ લોકસભા દ્વારા સરકારને આપવામાં આવેલો <u>**‘બ્લેન્ક ચેક’**</u> છે.

## અંદાજપત્ર : એક પરિચય

સરકાર દ્વારા આવનારા નાણાકીય વર્ષ માટે રજૂ કરવામાં આવનાર ખર્ચ અને આવકના અંદાજોના હિસાબપત્રને અંદાજપત્ર કહેવામાં આવે છે.

- અંદાજપત્ર આવનારા વર્ષના આવક–ખર્ચના અંદાજિત હિસાબો દર્શાવે છે.
- અંદાજપત્રની મુખ્ય બાબતો :
- અંદાજપત્ર ખર્ચ અને આવકના અંદાજિત આંકડા આપે છે.
- તે આવનારા નાણાકીય વર્ષના સંદર્ભે જ રજૂ થાય છે, માટે આ અંદાજો ચોક્કસ સમયગાળા માટે છે એમ કહી શકાય.
- દરેક સરકારના અંદાજપત્રનો મુખ્ય હેતુ દેશના આર્થિક વિકાસ અને પ્રજાના કલ્યાણનો છે.
- દરેક સરકારે પોતાના અંદાજપત્રને અમલમાં મૂકતા પહેલાં લોકસભા, વિધાનસભા કે સ્થાનિક સભાની મંજૂરી મેળવવી પડે છે.
- અંદાજપત્ર સામાન્ય રીતે કેન્દ્ર કે રાજ્ય સરકારના નાણામંત્રી રજૂ કરે છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સમતોલ અંદાજપત્ર

- આવક અને ખર્ચના વાસ્તવિક અંદાજો પ્રમાણે સમતોલ અંદાજપત્ર એટલે એવું અંદાજપત્ર કે જ્યાં સરકારનો અંદાજિત ખર્ચ તેની અંદાજિત આવક જેટલો જ હોય.
- એવી આદર્શ સ્થિતિ, જ્યાં સરકારના ખર્ચ અને આવકના અંદાજો સરખા હોય. વિકસતા દેશો માટે આવું અંદાજપત્ર બિનવ્યવહારું છે. જ્યારે અમુક વિકસિત દેશોમાં સંરક્ષણ અને વૃદ્ધિ–દર વધારવા માટે રાજ્ય વધુ ખર્ચ કરે છે અને અંદાજપત્ર વાસ્તવમાં સમતોલ હોતું નથી.

| સમતોલ અંદાજપત્રના ફાયદા | સમતોલ અંદાજપત્રના ગેરફાયદા |
|---|---|
| • આર્થિક સ્થિરતા જળવાઈ રહે છે.<br>• આવક અને ખર્ચના અંદાજો સરખા રહે તે માટે સરકાર બિનજરૂરી ખર્ચ તથા બિનજરૂરી વેરા ઘટાડે છે.<br>• પ્રજા પર બોજ વધતો નથી. | • સરકાર સમતોલ અંદાજપત્ર ટકાવવા માટે જરૂરી ખર્ચા ઘટાડે તો પ્રજાના કલ્યાણ પર અસર કરે છે.<br>• સરકાર ખર્ચ ન ઘટાડે અને સમતોલ અંદાજપત્ર જાળવવા વેરા વધારે તો પ્રજા પર બોજ વધે, તો તે આર્થિક વિકાસને અવરોધરૂપ બને. |

### ICE FACT

- શ્રી એડમ સ્મિથે સમતોલ અંદાજપત્રની તરફેણ કરી હતી.
- શ્રી જે. એમ. કેઈન્સે અસમતોલ અંદાજપત્રની ભલામણ કરી હતી.
- કેઈન્સના મત મુજબ અર્થતંત્રમાં રોજગારી ટકાવી રાખવા રાજ્યે વધુ ખર્ચ કરવો આવશ્યક બને છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અસમતોલ અંદાજપત્ર

આ પ્રકારના અંદાજપત્રમાં અંદાજિત આવક અને અંદાજિત ખર્ચ સરખા થતા નથી. આવી અસમતુલા બે રીતે હોય છે :

## ખાધવાળું અંદાજપત્ર

- સરકારનો અંદાજિત ખર્ચ જ્યારે સરકારની અંદાજિત આવક કરતાં વધુ હોય તેવા અંદાજપત્રને ખાધવાળું કહેવામાં આવે છે.

  **ખાધવાળું અંદાજપત્ર = અંદાજિત ખર્ચ > અંદાજિત આવક**
- વિકસતા દેશોમાં સરકારો આર્થિક વિકાસ માટે ખૂબ જાહેર ખર્ચ કરતા હોય છે.
- સંરક્ષણ, શિક્ષણ, સામાજિક સેવાઓ વગેરે પાછળ આ ખર્ચ થાય છે.
- આથી સરકાર પાસે આવકનાં સાધનો ઓછાં હોય છે, કરવેરા ભરવાની ક્ષમતા લોકોમાં ઓછી હોય છે. માટે આવક કરતાં ખર્ચ વધારે થાય છે અને ખાધવાળું અંદાજપત્ર બને છે.

| ખાધવાળા અંદાજપત્રના ફાયદા | ખાધવાળા અંદાજપત્રના ગેરફાયદા |
|---|---|
| ● આવા અંદાજપત્ર વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી ગણવામાં આવે છે.<br>● મંદીના અર્થતંત્રમાં ખાધવાળા અંદાજપત્રથી ખર્ચ દ્વારા રોજગારી સર્જી શકાય છે. આવા અંદાજપત્ર આર્થિકવૃદ્ધિ વધારવામાં મદદ કરે છે.<br>● ખાધવાળા અંદાજપત્રમાં કરવેરાનો બોજો ઓછો હોય છે. | ● કેટલીક વખત સરકાર વધુ પડતો ખર્ચ કરીને તેને પૂરો કરવા દેવું કરે છે અને દેવાનો બોજ વધે છે.<br>● સરકારના ખર્ચ પર નિયંત્રણ રહેતું નથી.<br>● પ્રજાએ કરવેરા દ્વારા ચૂકવેલાં નાણાંનો બિનકાર્યક્ષમ ખર્ચ થાય છે. |

## પુરાંતવાળું અંદાજપત્ર

અંદાજિત ખર્ચ કરતાં અંદાજિત આવક વધારે હોય તેવું અંદાજપત્ર પુરાંતવાળું અંદાજપત્ર કહેવામાં આવે છે. આવા અંદાજપત્ર ખાસ કરીને વિકસિત દેશોમાં જોવા મળે છે. અહીં સરકારનું ખર્ચ ઓછું અને આવક વધારે હોવાથી પુરાંતવાળું હોય છે.

| પુરાંતવાળા અંદાજપત્રના ફાયદા | પુરાંતવાળા અંદાજપત્રના ગેરફાયદા |
|---|---|
| ● પુરાંતવાળા અંદાજપત્રથી રાજ્ય ફૂગાવાના સમયે પ્રજા પાસેથી વધુ વેરા લઈ પ્રજા પાસેનું અધિક ધન ખેંચી લઈ શકે અને ફૂગાવાને કાબૂમાં લાવી શકે.<br>● પુરાંતવાળા અંદાજપત્રમાં સરકારે ખર્ચને પહોંચી<br>● પ્રજા પર ભવિષ્યમાં કરવેરાનો બોજો પડતો નથી. ઉત્પાદન પર અસર પડે છે. | ● પુરાંતવાળા અંદાજપત્ર માટે સરકાર જો સામાજિક કલ્યાણ અને વિકાસનાં કાર્યો માટે જરૂરી ખર્ચ પણ ન કરે તો વિકાસને વિપરીત અસર પહોંચે છે.<br>● મંદીના સમયમાં સરકાર પુરાંતવાળા અંદાજપત્ર માટે નાણાંને પકડી રાખે તો અર્થતંત્રમાં મૂડીરોકાણ, રોજગારી અને વળવા માટે દેવું કરવું પડતું નથી.<br>● જો દર વર્ષે પુરાંત વધતી જ જાય તો પછી સરકાર તેનું શું કરશે તે પ્રશ્ન મોટો થતો જાય છે. માટે પુરાંતવાળા અંદાજપત્રની પણ મર્યાદા ઊભી થાય. |

## અંદાજપત્રનાં ખાતાઓ

અંદાજપત્રની સમજૂતી મેળવવા માટે વિવિધ ખાતાની સમજૂતી મેળવવી જરૂરી છે. એકાઉન્ટની રીતે અંદાજપત્રના હિસાબી ખાતાના બે મુખ્ય ભાગ પડે છે :

(I) જમાબાજુ જ્યાં, રાજ્યની આવકો નોંધાય છે અને

(II) ખર્ચબાજુ, જ્યાં રાજ્યના ખર્ચ નોંધાય છે. આવક અને ખર્ચની બંને બાજુનાં મુખ્ય પાસા નીચે મુજબ છે :

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**આવકબાજુ**

**મહેસૂલી આવક**

સરકારને પ્રત્યક્ષ તથા પરોક્ષ કરવેરા દ્વારા જે આવક થાય છે, જાહેર ક્ષેત્રના નફા પેટે જે આવકો મળે છે, વિવિધ પ્રકારની ફી કે દંડ પેટે જે રકમ મળે છે તે મહેસૂલી આવક છે. આવી આવક ચાલુ વર્ષની પ્રવૃતિઓથી પ્રાપ્ત થતી ગણાય છે.

**મૂડી-આવક**

રાજ્યએ દેશના બજારમાંથી અને વિદેશમાંથી મેળવેલી લોન, મધ્યસ્થ બેન્કમાંથી લીધેલ કરજ તથા ટ્રેઝરી બિલોના વેચાણ તેમજ વિમૂડીકરણમાંથી થતી આવકો મૂડી ખાતાની આવકો છે.

**ખર્ચબાજુ**

**મહેસૂલી ખર્ચ**

સરકાર વિવિધ જાહેર સેવાઓ પાછળ જે ખર્ચ કરે છે. જેમકે, કર્મચારીઓને પગાર–ભથ્થા ચૂકવવા, રાજ્યોને મદદ કરવી, સંરક્ષણ, સબસિડી વગેરે માટે જે ખર્ચ છે તે મહેસૂલી ખર્ચ થાય છે.

**મૂડીખર્ચ**

સરકાર દેવાની ચૂકવણીઓ કરે, રાજ્ય સરકારો, અન્યને જે કરજ આપે, સામાજિક તથા સંરક્ષણક્ષેત્રે મૂડીખર્ચ કરે તે મૂડીખાતાનો ખર્ચ છે.

- આમ અંદાજપત્રને બે ખાતામાં વહેંચી શકાય : (A) મહેસૂલી ખાતુ જયાં મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચની નોંધણી થાય તથા (B) મૂડી ખાતુ જયાં મૂડી–આવક અને મૂડીખર્ચ નોંધવામાં આવે છે.

## ભારતના વિવિધ સ્તરની સરકારોના અંદાજપત્ર

- ભારતીય સમવાયતંત્ર ત્રિસ્તરીય છે. માટે આ ત્રણેય કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના અંદાજપત્ર સ્વતંત્ર હોય છે.

## કેન્દ્ર સરકારના અંદાજપત્રનો ખ્યાલ

- ભારતમાં કેન્દ્ર સરકાર વતી દેશના નાણામંત્રી આવનારા નાણાકીય વર્ષમાં થનારા ખર્ચ અને આવકનું અંદાજપત્ર લોકસભામાં રજૂ કરે છે. કેન્દ્ર સરકારના અંદાજપત્રની માહિતી :



| મહેસૂલી ખાતું | |
|---|---|
| **આવક (જમા)** | **ખર્ચ (ઉધાર)** |
| (1) કર–આવક | (1) બિનઆયોજિત ખર્ચ (યોજનામાં ન હોય તેવા) |
| ● પ્રત્યક્ષ કરવેરાથી પ્રાપ્ત થતી આવકો<br>● પરોક્ષ કરવેરાથી પ્રાપ્ત થતી આવકો | ● વ્યાજની ચૂકવણી (રાજ્યે/સરકારે ભૂતકાળમાં લીધેલા ધિરાણ પર ચૂકવવાનું વ્યાજ)<br>● સામાજિક સેવાઓ જેવી કે શિક્ષણ, સ્વાસ્થ્ય, પાયાની સુવિધા પાછળ થતો ખર્ચ, વહિવટી સેવા પાછળ થતો ખર્ચ, સામાન્ય સેવાઓ પાછળ થતો ખર્ચ<br>● આર્થિક સેવાઓ જેવી કે ખેતી, ઉદ્યોગ, વીજળી, વાહનવ્યવહાર ટેક્નોલોજી પાછળ થતો ખર્ચ<br>● રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોને અપાતું અનુદાન અને સહાય<br>● સંરક્ષણ પાછળ થતું ખર્ચ<br>● સબસિડી,પેન્શન, પગાર વગેરે |
| (2) કર સિવાયની આવકો | (2) આયોજિત ખર્ચ (યોજનામાં હોય તેવા) |
| ● સરકારે આપેલા ધિરાણ પર મળનારા વ્યાજની આવક<br>● જાહેર ઉદ્યોગમાંથી મળેલા નફા અને ડિવિડન્ડની આવક<br>● જાહેર સેવા–સુવિધામાંથી પ્રાપ્ત ફી તથા દંડની આવક<br>● વિદેશોમાંથી પ્રાપ્ત થતું સહાયક અનુદાન | ● ખેતી, ઉદ્યોગો, સિંચાઈ, સૂચના, પ્રસારણ, ઊર્જા, ખનીજ, વાહનવ્યવહાર અન્ય ક્ષેત્રો પાછળ થતો આયોજિત ખર્ચ<br>● કેન્દ્રશાસિત પ્રદેશોને અપાતી સહાય |

નોંધ : વર્ષ 2017થી સરકારે બજેટમાં ખર્ચ અંતર્ગત બિનઆયોજિત ખર્ચ અને આયોજિત ખર્ચનું વર્ગીકરણ નાબૂદ કર્યું છે.

| મૂડી ખાતું | |
|---|---|
| **આવક (જમા)** | **ખર્ચ (ઉધાર)** |
| ● ઋણ–વસૂલી (Recovery of Loans)<br>● દેવાથી પ્રાપ્ત થતી આવક<br>● અન્ય આવક દા.ત., વિમૂડીકરણમાંથી થતી આવક, નાની બચત યોજનામાંથી થતી આવક | ● ઋણની પુનઃચૂકવણી<br>● અન્ય સરકારને અપાતા ધિરાણ પાછળ થતો ખર્ચ<br>● સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં થતો મૂડીખર્ચ<br>● સંરક્ષણક્ષેત્રે થતો મૂડીખર્ચ |

### ICE FACT

- કેન્દ્ર સરકારના ખર્ચનું વર્ગીકરણ આયોજિત અને બિનઆયોજિત ખર્ચ તરીકે થાય છે જ્યારે રાજ્ય સરકારના ખર્ચનું વર્ગીકરણ વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી ખર્ચ તરીકે થાય છે.
- વિકાસલક્ષી ખર્ચ એટલે એવો ખર્ચ જેના થકી આર્થિક વિકાસને પ્રત્યક્ષ અને સીધો વેગ મળે છે. દા.ત., સિંચાઈની સગવડો.
- બિનવિકાસલક્ષી ખર્ચ જે સીધો વિકાસલક્ષી બાબતો પાછળ થતો નથી. પણ પરોક્ષ રીતે લાંબે ગાળે વિકાસને અસર કરી શકે છે. દા.ત., પેન્શનની ચૂકવણી માટેનો ખર્ચ.

## અંદાજપત્રની ખાધના વિવિધ પ્રકારો (Different Types of Budget Deficit)

**અંદાજપત્રની ખાધ (Budget Deficit) :**

- અંદાજપત્રમાં બે ભાગ હોય છે : **મહેસૂલી ખાતું અને મૂડીખાતું.**
- જ્યારે મહેસૂલી અને મૂડી ખાતાની કુલ આવક કરતા મહેસૂલી અને મૂડીખર્ચ વધારે હોય ત્યારે સમગ્ર અંદાજપત્ર ખાધવાળું ગણાય માટે તેને અંદાજપત્રીય ખાધ કહેવાય.
- કેન્દ્ર સરકાર અંદાજપત્રીય ખાધ પૂરી કરવા માટે રિઝર્વ બેન્ક પાસેથી ઉપાડ કરે છે જેને ખાધપૂરવણી કહે છે.
- જ્યારે રાજ્ય સરકાર અંદાજપત્રની ખાધ પૂરવા માટે કેન્દ્ર સરકાર પાસેથી અતિરિક્ત ઉપાડ કરે છે. (ઓવરડ્રાફ્ટ)
- સરકારની આવક અને ખર્ચના પ્રકારના આધારે બજેટમાં વિવિધ પ્રકારની (Deficit) ખાધ હોય છે. તે અનુસાર, ખાધના ત્રણ પ્રકારો છે જે નીચે મુજબ છે.

### 1. મહેસૂલી ખાધ (Revenue Deficit) :

- અંદાજપત્રમાં મહેસૂલી આવક કરતા મહેસૂલી ખર્ચ વધી જાય ત્યારે મહેસૂલી ખાધ ઉદ્ભવે છે.
- આ પ્રકારની ખાધ એ દર્શાવે છે કે રાજ્યના ચાલુ ખર્ચ ચાલુ આવક કરતા વધારે છે.
- વ્યાવહારિક તથા હિસાબી દષ્ટિએ આવી ખાધ તંત્રની નીચી કાર્યદક્ષતા દર્શાવે છે.
- મૂડીખાતાની આવકમાંથી આ ખાધ ભરપાઈ કરવાના પ્રયત્ન થઈ શકે છે.

**મહેસૂલી ખાધ = કુલ મહેસૂલી ખર્ચ - કુલ મહેસૂલી આવક**

### 2. રાજકોષીય ખાધ (Fiscal Deficit) :

- રાજ્ય (સરકાર) બજારમાંથી જે નાણાંનું ધિરાણ મેળવે તેને મૂડી ખાતાની આવક કહેવાય. પણ વાસ્તવિક વ્યવહારમાં તે દેવું છે.
- સરકારની અંદાજપત્રીય ખાધ અને સરકારે બજારમાંથી મેળવેલ દેવું એ બંનેના સરવાળાને રાજકોષીય ખાધ કહે છે.
- આમ, રાજકોષીય ખાધ અંદાજપત્રની ખાધ કરતાં વધુ હોય છે.

**રાજકોષીય ખાધ = કુલ ખર્ચ - કુલ આવક (બજારમાંથી મેળવેલા દેવા સિવાયની)**

અથવા

**અંદાજપત્રની ખાધ + બજારમાંથી મેળવેલ દેવાની રકમ.**

### 3. પ્રાથમિક ખાધ (Primary Deficit) :

- રાજકોષીય ખાધમાંથી વ્યાજની ચૂકવણી બાદ કરવામાં આવે તેને પ્રાથમિક ખાધ કહેવામાં આવે છે.

**પ્રાથમિક ખાધ = રાજકોષીય ખાધ - વ્યાજની ચૂકવણીઓ (લોનની રકમ વગેરે...)**

- રાજ્યને દેવાના વ્યાજની ચુકવણી બોજો સર્જે છે. પણ આ બોજો વર્તમાનના કામને કારણે નથી.
- દેવું ભૂતકાળમાં થયું છે અને તેનું વ્યાજ વર્તમાનમાં છે માટે વ્યાજને બાદ કરી પ્રાથમિક ખાધ મેળવાય છે. જે ચાલુ વર્ષના આવક અને ખર્ચનો અંદાજ આપે છે.
- આવો ખ્યાલ આ પ્રકારની ખાધમાં વ્યક્ત કરાયો છે. પરંતુ ભારતમાં આ પ્રકારની ખાધનું નીતિવિષયક મહત્ત્વ ગણાતું નથી.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT